dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year-09 | Issue-334 | AD-2026, Shravan Vad - 00)) | Friday, Dt.11-09-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### અગ્રણી નેતાઓના મેળાવડા પર વિશ્વની નજર

# બ્રિક્સ સમિટ માટે નવી દિલ્હી બન્યુ સજ્જ

નવી દિલ્હી, તા.૧૦

રશિયા-યુક્રેન યુધ્ધ અને અમેરિકા-ઈરાન વચ્ચેના તણાવ વચ્ચે આગામી બે દિવસ વિશ્વની નજર નવી દિલ્હી પર રહેશે. ૧૨ અને ૧૩ સપ્ટેમ્બરે ભારત મંડપમ ખાતે યોજાનારી બ્રિક્સ સમિટમાં રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન, ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પેઝેશ્કિયાન, દક્ષિણ આફ્રિકાના રાષ્ટ્રપતિ સિરિલ રામાફોસા અને ઈન્ડોનેશિયાના રાષ્ટ્રપતિ પ્રબોવો સુબિયાંતો સહિત અનેક દેશોના નેતાઓ હાજરી આપશે. ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ પણ હાજરી આપે તેવી શક્યતા છે. બ્રિક્સની શરૂઆત ૨૦૧૧માં બ્રાઝિલ, રશિયા, ભારત, ચીન અને દક્ષિણ આફ્રિકા એમ પાંચ દેશોથી થઈ હતી. ત્યારબાદ સંગઠનનો વ્યાપ વધ્યો છે અને હાલમાં ૧૧ પૂર્ણ સભ્ય દેશોનો સમાવેશ થાય છે. ઈજિપ્ત, ઈથોપિયા, ઈરાન, સાઉદી અરેબિયા, સંયુક્ત આરબ અમીરાત અને ઈન્ડોનેશિયા પણ તેમાં જોડાયા છે. ભારતના અધ્યક્ષપદ હેઠળ યોજાનારી સમિટ પૂર્વે ૧૧ સપ્ટેમ્બરે વડાપ્રધાન નરેન્દ્ર મોદી બ્રિક્સ બિઝનેસ ફોરમને સંબોધશે. તેમાં ચીન, રશિયા, બ્રાઝિલ, યુએઈ સહિતના દેશોના અગ્રણી ઉદ્યોગપતિઓ હાજરી આપે તેવી અપેક્ષા છે. વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલ તથા વિદેશ મંત્રી એસ. જયશંકર પણ કાર્યક્રમને સંબોધશે.




કૃષિ, વેપાર, રોકાણ, પુરવઠા શૃંખલા અને ડિજિટલ અર્થતંત્ર જેવા મુદ્દાઓ ચર્ચાના કેન્દ્રમાં રહેશે. સમિટ દરમિયાન ભૂ-રાજકીય તણાવ, ઊર્જા સુરક્ષા, આર્થિક અનિશ્ચિતતા અને પુરવઠા શૃંખલામાં પડકારો અંગે ચર્ચા થશે. ભારતે સ્થિતિસ્થાપકતા, નવીનતા, સહકાર અને ટકાઉપણાને સમિટના ચાર મુખ્ય સ્તંભ બનાવ્યા છે. આરોગ્ય, કૃષિ, ખાદ્ય સુરક્ષા, ઊર્જા સુરક્ષા અને આપત્તિ જોખમ ઘટાડા ક્ષેત્રે સહયોગ વધારવા પર ભાર મૂકવામાં આવશે. વૈશ્વિક શાસન વ્યવસ્થાને વધુ સમાવેશી બનાવવા અને બહુપક્ષીયતાને મજબૂત કરવા અંગે પણ ચર્ચા થશે. વિકાસશીલ દેશોને વૈશ્વિક સંસ્થાઓમાં વધુ પ્રતિનિધિત્વ મળે તે મુદ્દો પણ મહત્વનો રહેશે. આંતરરાષ્ટ્રીય સુરક્ષા, આર્થિક સ્થિરતા અને પ્રાદેશિક પડકારો અંગે નેતાઓ પોતાના મંતવ્યો રજૂ કરશે.

રશિયાના રાષ્ટ્રપતિ પુતિનની ભારત મુલાકાતની પુષ્ટિ થઈ છે. પુતિન અને વડાપ્રધાન મોદી વચ્ચે સમિટની સાથે દ્વિપક્ષીય બેઠક પણ યોજાશે. બંને નેતાઓ વચ્ચે વેપાર, ઊર્જા, સંરક્ષણ અને પરસ્પર સહયોગ જેવા મુદ્દાઓ પર ચર્ચા થવાની શક્યતા છે.

### મોદી-પુતિન મુલાકાતમાં ક્રૂડ ઓઇલ અને સંરક્ષણ સહિતના મુદ્દે ચર્ચાની શક્યતા

રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન બ્રિક્સ સમિટમાં ભાગ લેવા ભારતની મુલાકાતે આવી રહ્યા છે. ૧૧ સપ્ટેમ્બરે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથેની દ્વિપક્ષીય બેઠકમાં ક્રૂડ ઓઇલ, વેપાર, સંરક્ષણ અને રોકાણ સહિતના મુદ્દે ચર્ચા થવાની શક્યતા છે. સંરક્ષણ ક્ષેત્રે સુખોઈ-૫૭ વિમાન, એસ-૪૦૦ મિસાઇલ સિસ્ટમની બાકી ડિલિવરી તથા સંયુક્ત સંરક્ષણ ઉત્પાદન અંગે ચર્ચા થઈ શકે છે. ભારતની ઊર્જા સુરક્ષામાં રશિયન ક્રૂડ ઓઇલનું મહત્વ હોવાથી બંને દેશો આર્થિક સંબંધોને વધુ મજબૂત બનાવવા પર ભાર મૂકી શકે છે. સ્થાનિક ચલણમાં વેપાર અને પરસ્પર રોકાણ વધારવા અંગે પણ ચર્ચા થવાની સંભાવના છે. વધુમાં, પરમાણુ સબમરીન માટે ટેક્નોલોજી સહયોગનો મુદ્દો પણ બેઠકના એજન્ડામાં રહે તેવી શક્યતા છે.

# ઈસરોએ ક્રાયોજેનિક-૨૦ એન્જિનનું સફળ પરીક્ષણ કર્યુ

ચેન્નાઈ, તા.૧૦

ભારતીય અવકાશ સંશોધન સંગઠન (ઈસરો)એ સીઈ૨૦ ક્રાયોજેનિક એન્જિનનું ૨૨૦ કિલોન્યૂટનના વધારેલા થ્રસ્ટ પર 'ફ્લાઈટ એક્સેપ્ટન્સ હોટ ટેસ્ટ' સફળતાપૂર્વક પૂર્ણ કર્યું છે. આ પરીક્ષણથી એલવીએમ૩ પ્રક્ષેપણ વાહનની પેલોડ ક્ષમતા વધારવામાં અને ગગનયાન કાર્યક્રમને આગળ ધપાવવામાં મદદ મળશે. પરીક્ષણ ૯ સપ્ટેમ્બરે તમિલનાડુના મહેન્દ્રગિરી સ્થિત ઈસરો પ્રોપલ્શન કોમ્પ્લેક્સ ખાતે હાથ ધરાયું હતું. ઈસરોએ જણાવ્યું



કે આગામી એનવીએસ-૩ મિશનના સીઉ૨ ઉપરના તબક્કા માટે તૈયાર કરાયેલા સીઈ૨૦ એન્જિનનું આ પરીક્ષણ કરવામાં આવ્યું હતું. પરીક્ષણ દરમિયાન એલઓએક્સ ટેન્ક પ્રેશરાઈઝેશન મોડ્યુલનું પ્રદર્શન પણ સફળતાપૂર્વક ચકાસાયું હતું. આ મોડ્યુલ ગગનયાન મિશનના સીઉ૨ તબક્કા માટે તૈયાર કરવામાં આવ્યું છે. સીઈ૨૦ એન્જિન એલવીએમ૩ના ઉપરના ક્રાયોજેનિક તબક્કાને શક્તિ આપે છે. ઈસરો ૨૨ ટન થ્રસ્ટ સાથે અપગ્રેડેડ સીઉ૨ તબક્કા પર કામ કરી રહ્યું છે, જે ભવિષ્યના એલવીએમ૩ મિશનની પેલોડ ક્ષમતા વધારશે. આ પરીક્ષણ માર્ચમાં કરાયેલા સમુદ્ર-સ્તરના ગરમ પરીક્ષણ બાદનું મહત્વનું પગલું છે. માર્ચના ૧૬૫ સેકન્ડના પરીક્ષણમાં એન્જિન અને પરીક્ષણ સુવિધાએ અપેક્ષા મુજબ કામગીરી કરી હતી. તાજેતરની સફળતા આગામી એલવીએમ૩ મિશન માટે અપગ્રેડેડ સીઉ૨ તબક્કાના સંચાલનની દિશામાં મહત્વપૂર્ણ સિદ્ધિ છે.

# ઈથેનોલ મિશ્રિત પેટ્રોલથી કારને નુકસાન થાય તો વીમા કંપની વળતર ચૂકવશે

નવી દિલ્હી, તા.૧૦

ઈ૨૦ પેટ્રોલના ઉપયોગ અંગે કારચાલકોમાં ચિંતા વચ્ચે જુનો જનરલ ઈન્શ્યોરન્સે 'ફ્યુઅલ ગાર્ડ' નામનું નવું મોટર ઈન્શ્યોરન્સ એડ-ઓન કવર લોન્ચ કર્યું છે. આ કવર હેઠળ ઈથેનોલ-મિશ્રિત પેટ્રોલ, જેમ કે ઈ૨૦ ઈંધણના ઉપયોગથી વાહનના એન્જિન અથવા ફ્યુઅલ સિસ્ટમને થયેલા નુકસાનની ભરપાઈ કરવામાં આવશે.

ઈથેનોલ મિશ્રિત પેટ્રોલના કારણે વાહનના એન્જિન અથવા ફ્યુઅલ-ડિલિવરી સિસ્ટમના




આંતરિક ભાગોને નુકસાન થવાની સ્થિતિમાં આ કવર સમારકામનો ખર્ચ આવરી લેશે. આ સુવિધા ૧ એપ્રિલ, ૨૦૨૩ના રોજ અથવા ત્યારબાદ નોંધાયેલા ખાનગી કાર માટે ઉપલબ્ધ છે. જોકે, વાહન ઉત્પાદક દ્વારા ઈથેનોલ-મિશ્રિત ઈંધણના ઉપયોગને સત્તાવાર મંજૂરી મળેલી હોવી જરૂરી છે.

વીમા દાવો કરવા માટે કેટલીક શરતોનું પાલન કરવું પડશે. વાહનની જાળવણી ઉત્પાદકની માર્ગદર્શિકા મુજબ કરાવવી અને સમયસર સર્વિસ કરાવવી ફરજિયાત રહેશે. ઉપરાંત, એન્જિન અથવા ફ્યુઅલ સિસ્ટમમાં કોઈ અનધિકૃત ફેરફાર કરેલો ન હોવો જોઈએ.

જુનો જનરલ ઈન્શ્યોરન્સના એમડી અને સીઈઓ શનાઈ ઘોષે જણાવ્યું કે ઓટોમોબાઈલ ક્ષેત્રમાં બદલાવ સાથે વીમા સુરક્ષામાં પણ બદલાવ જરૂરી છે. 'ફ્યુઅલ ગાર્ડ'નો હેતુ કાર માલિકોને નવા પ્રકારના ઈંધણના ઉપયોગ અંગે વધુ સુરક્ષા અને વિશ્વાસ આપવાનો છે. આ કવર મોંઘા એન્જિન સમારકામના ખર્ચ સામે રાહતરૂપ બની શકે છે.

### દીકરીઓ તરફ કુદ્રષ્ટિ કરનારા નરાધમ માટે દયા કે છૂટછાટ હોઈ જ ન શકે : નાયબ મુખ્યમંત્રી

# ગુજરાતમાં પાંચ વર્ષમાં પોક્સો કેસોના ૧,૭૮૫ ચુકાદા, ૭૦૮ને આજીવન કેદ

ગાંધીનગર, તા.૧૦

ગુજરાતમાં વર્ષ ૨૦૨૨થી ઓગસ્ટ ૨૦૨૬ દરમિયાન પોક્સો અદાલતો દ્વારા કુલ ૧,૭૮૫ ચુકાદા આપવામાં આવ્યા છે. તેમાં ૭૦૮ ગુનેગારોને આજીવન કેદ અને ૧૬ને ફાંસીની સજા ફટકારાઈ છે. વર્ષ ૨૦૨૨માં ૧૯૪ ચુકાદામાં ૧૦૭ને આજીવન કેદ થઈ હતી, જ્યારે ૨૦૨૫માં ૪૯૯ ચુકાદામાં ૩૪૦ને



આજીવન કેદની સજા મળી હતી. ચાલુ વર્ષે ઓગસ્ટ સુધીમાં ૩૪૬ ચુકાદામાં ૨૪૧ને આજીવન કેદ ફટકારાઈ છે.

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું કે દીકરીઓ તરફ કુદ્રષ્ટિ કરનારા ગુનેગારો પ્રત્યે કોઈ દયા કે છૂટછાટ ન હોવી જોઈએ. પોક્સો કેસોમાં ઝડપી ન્યાય માટે ફાસ્ટ ટ્રેક કોર્ટ અને સુદ્રઢ કાયદાકીય માળખું ઊભું કરાયું છે.

પોલીસ દ્વારા સંવેદનશીલતા સાથે ઝડપી તપાસ કરી ચાર્જશીટ રજૂ કરવામાં આવે છે. છેલ્લા પાંચ વર્ષમાં ૧૪૦ કેસમાં ૧થી ૧૫ દિવસમાં, ૧,૩૩૯ કેસમાં ૧૬થી ૩૦ દિવસમાં અને ૫,૪૬૩ કેસમાં ૩૧થી ૪૫ દિવસમાં ચાર્જશીટ કરવામાં આવી છે. આ કાર્યવાહીથી પીડિતાને ઝડપી ન્યાય મળવા સાથે ગુનેગારોમાં કાયદાનો ભય ઊભો થયો છે.

જે પોલીસ દ્વારા આ પ્રકારના કેસોમાં દાખવવામાં આવતી ગંભીરતા અને તેમાં તપાસની ઝડપ દર્શાવે છે. રાજ્ય સરકારના સુદ્રઢ કાયદાકીય માળખા અને પોલીસ-પ્રોસિક્યુશનના સંકલનથી ગુજરાતમાં દીકરીઓની સુરક્ષા વધુ મજબૂત બની છે અને ગુનેગારોમાં કાયદાનો ડર સ્થાપિત થયો છે.

# રૂ. ૨૦૦ કરોડની જમીન ફાળવણી મુદ્દે કેટીઆરનો સરકાર પર પ્રહાર


હૈદરાબાદ, તા.૧૦

ભારત રાષ્ટ્ર સમિતિ (બીઆરએસ)ના કાર્યકારી પ્રમુખ કેટી રામા રાવે તેલંગાણા સરકાર પર ગંભીર આરોપ લગાવ્યા છે. તેમણે મુખ્યમંત્રી રેવંત રેડ્ડીના ભાઈ સાથે જોડાયેલી કંપનીને રૂ. ૨૦૦ કરોડની જમીન ફાળવણીના મુદ્દે વિધાનસભામાં સવાલ ઉઠાવવા બદલ બીઆરએસ ધારાસભ્યોને સસ્પેન્ડ કરાયા હોવાનો આક્ષેપ કર્યો હતો. કેટીઆરે જમીન ફાળવણીમાં પારદર્શિતા અંગે સવાલ ઉઠાવી કેન્દ્રની એજન્સીઓ દ્વારા તપાસની માંગ કરી છે. જોકે, બીઆરએસ દ્વારા લગાવવામાં આવેલા આરોપોની સ્વતંત્ર રીતે પુષ્ટિ થઈ નથી.









# વડિયામાં ધોળા દિવસે ચોરી કરી તસ્કરોએ પોલીસને પડકાર ફેંક્યો

વડિયા, તા.૧૦

અમરેલી જિલ્લાના છેવાડાના તાલુકા મથક વડિયાના ગીચ વસ્તી ધરાવતા સુરગપરા વિસ્તારમાં બપોરના ૧૧થી ૧૨ વાગ્યાના સુમારે ધોળા દિવસે ચોરીની સનસનાટીભરી ઘટના સામે આવી છે. સૌરાષ્ટ્ર સહિત સમગ્ર રાજ્યમાં મધ્યમ વરસાદને કારણે દુષ્કાળના ભણકારા વાગી રહ્યા છે.

આવા સમયે ગુનાખોરી વધવાની આશંકા વચ્ચે સુરગપરામાં શાકભાજીની દુકાનમાં મજૂરી કરતા એક ગરીબ પરિવારના રહેણાંક મકાનને તસ્કરોએ નિશાન બનાવ્યું હતું. મજૂરી કરીને પાઈ-પાઈ ભેગી કરી બચાવેલા રૂ. ૧૨,૦૦૦ની રોકડ રકમ તસ્કરો તાળા તોડીને ચોરી ગયા હતા. ગરીબ પરિવારની આજીવન બચત લૂંટાઈ જતાં





પરિવાર પર આભ તૂટી પડ્યું છે. ઘટના બાદ ભોગ બનનારે ૧૧૨ નંબર પર કોલ કરતા પોલીસે આવીને ફોટોગ્રાફી કરી હતી. જોકે, મોડી રાત સુધી કોઈ સત્તાવાર ફરિયાદ દાખલ ન થઈ હોવાનો પીડિત પરિવારે આક્ષેપ કર્યો છે.

વડિયામાં અગાઉ પણ ચોરીના બનાવોમાં સમયસર ગુના ન નોંધાતા હોવાથી તસ્કરો બેફામ બન્યા હોવાની લોકચર્ચા છે. પીડિત પરિવારે મીડિયા મારફતે ત્વરિત કાર્યવાહી કરી ચોરી થયેલા નાણાં પરત અપાવવા માંગ કરી છે.

**કાયદો અને વ્યવસ્થા સામે સવાલો**

વડિયામાં સતત વધતી ચોરીઓ અને ગેરકાયદેસર પ્રવૃત્તિઓને કારણે કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કથળી રહી છે. પોલીસનો કોઈ ડર ન રહ્યો હોય તેમ તસ્કરો ધોળા દિવસે ચોરીઓ આચરી રહ્યા છે. સ્થાનિક લોકોમાં ફેલાયેલા અસંતોષ વચ્ચે પોલીસે સઘન પેટ્રોલીંગ શરૂ કરી ચોરોને સપાટાભેર ઝડપી પાડવા જરૂરી બન્યું છે.

# તરવડા ગુરુકુળમાં સંસ્કૃત કક્ષનું ઉદ્ઘાટન: ભાષા સંવર્ધન અને શાસ્ત્રીય વારસાને મળશે વેગ

અમરેલી, તા.૧૦

રાજકોટ સ્વામિનારાયણ ગુરુકુળ સંસ્થાન સંચાલિત શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ, તરવડા ખાતે ગુજરાત સરકારની ગ્રાન્ટ યોજના અંતર્ગત નિર્માણ પામેલા સંસ્કૃત કક્ષનું તા. ૧૦-૦૯-૨૦૨૬ના રોજ વિધિવત્ ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.



આ પ્રસંગે સંસ્કૃત ભારતીના ડો. અમિત ઉપાધ્યાય, અભિષેક ઠાકર તેમજ પૂજ્ય કૃષ્ણપ્રિયદાસજી સ્વામી અને પૂજ્ય રામકૃષ્ણદાસજી સ્વામી સહિતના સંતો-મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. આશરે ૨૨૦૦ વિદ્યાર્થીઓ ધરાવતા આ ગુરુકુળ સંકુલમાં **PTC** અને **B.Ed.** કોલેજો પણ કાર્યરત છે. સંસ્કૃત ભાષાને પ્રાધાન્ય આપવા અને ભારતીય જ્ઞાનપરંપરા પ્રત્યે વિદ્યાર્થીઓમાં અભિરૂચિ કેળવવાના હેતુથી આ કક્ષ તૈયાર કરાયો છે

# અમરેલીના આનંદ મેળામાં બેરા મૂંગા શાળાના વિદ્યાર્થીઓને નિ:શુલ્ક મોજ-મસ્તી કરાવાઈ

અમરેલી, તા.૧૦

શહેરના જીમખાના ગ્રાઉન્ડ ખાતે યોજાયેલા આનંદ મેળામાં બેરા મૂંગા શાળાના તમામ વિદ્યાર્થીઓને મેળાના આયોજક અશરફભાઈ પરમાર (બાબરા) દ્વારા નિ:શુલ્ક પ્રવેશ સાથે વિવિધ રાઈડ્સનો આનંદ માણવાની તક આપવામાં આવી હતી. આયોજક દ્વારા શાળાના બાળકોને ખાસ આમંત્રણ આપી કોઈપણ પ્રકારની એન્ટ્રી ફી લેવામાં



આવી નહોતી. બાળકોને વિવિધ રાઈડ્સમાં બેસાડીને મોજ-મસ્તી કરાવવામાં આવી હતી. રાઈડ્સનો આનંદ માણતા બાળકોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો અને તેમના ચહેરા પર ખુશી છલકાઈ હતી. સમગ્ર મેળા પરિસરમાં હાસ્ય અને આનંદનો માહોલ સર્જાયો હતો. આ પ્રસંગે બેરા મૂંગા શાળાના રઘુભાઈ સહિત સમગ્ર સ્ટાફે બાળકોને નિ:શુલ્ક આનંદ માણવાની તક આપવા બદલ આયોજક અશરફભાઈ પરમારનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

# ખાંભા તાલુકાના ૫૬ ગામોમાં મહેસૂલી તલાટીઓનું નવું સમયપત્રક જાહેર

ખાંભા, તા.૧૦

ગુજરાત સરકારના મહેસૂલ વિભાગ અને અમરેલી કલેક્ટરની સૂચના અનુસાર ખાંભા મામલતદાર કચેરી દ્વારા તાલુકાના ૧૩ સેજા હેઠળના ૫૬ ગામો માટે મહેસૂલી તલાટીઓનું નવું ડ્યુટી ચાર્ટ જાહેર કરાયું છે.

નાગરિકોને મહેસૂલી કામગીરીમાં સરળતા રહે અને અરજીઓનો ઝડપી નિકાલ થાય તે હેતુથી આ આયોજન કરાયું છે. સોમવાર અને બુધવારે તલાટીઓ પોતાના નિયમિત સેજાના ગામોમાં, જ્યારે મંગળવાર અને શુક્રવારે ચાર્જ હેઠળના સેજાના ગામોમાં ફરજ બજાવશે.

ગુરુવારે તમામ તલાટીઓ મામલતદાર કચેરી ખાતે વહીવટી સમીક્ષા માટે હાજર રહેશે. શનિવારે ગામોની સ્થળ મુલાકાત અને ક્ષેત્રીય કામગીરી કરવામાં આવશે.મામલતદાર એમ.ડી. ભાલોડીએ જણાવ્યું હતું કે, આ વ્યવસ્થાથી મહેસૂલી સેવાઓ વધુ પારદર્શક અને સુગમ બનશે.

# બંસીધર વિદ્યાલયમાં વિદ્યાર્થીઓએ એક દિવસ શિક્ષકની ભૂમિકા ભજવી

અમરેલી તા.૧૦

બંસીધર વિદ્યાલય ખાતે શિક્ષક દિવસની ઉજવણી કરવામાં આવી હતી. ધોરણ ૯ અને ૧૦ના વિદ્યાર્થીઓ દ્વારા આયોજિત આ ઉજવણીમાં વિદ્યાર્થીઓએ એક દિવસ શિક્ષકની ભૂમિકા ભજવી હતી. ધોરણ ૧૦ના જય મકવાણા, હેનીલ જેઠવા, પ્રશાંત જાદવ, મહેક બુટાણી, આસ્થા ભટ્ટ અને મિતલ જાદવે શિક્ષકની ભૂમિકા અદા કરી વિદ્યાર્થીઓને શિક્ષણકાર્ય કરાવ્યું હતું. જ્યારે ધોરણ ૯ના વિદ્યાર્થી મહિપત મકવાણાએ પટાવાળાની ભૂમિકા ભજવી હતી. એક દિવસ માટે શિક્ષક બનેલા વિદ્યાર્થીઓમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો. આ અનોખી પ્રવૃત્તિથી વિદ્યાર્થીઓને શિક્ષકની જવાબદારી અને કાર્યપદ્ધતિનો અનુભવ મળ્યો હતો. કાર્યક્રમના અંતે આચાર્ય પી. કે. વસરાએ શિક્ષકની ભૂમિકા ભજવનાર તમામ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

# સાવરકુંડલા તાલુકાના ૭૯ ગામો માટે મહેસૂલી તલાટીઓનું નવું સમયપત્રક જાહેર

સાવરકુંડલા, તા.૧૦

ગુજરાત સરકારના મહેસૂલ વિભાગ તથા અમરેલી કલેક્ટરની સૂચના અનુસાર સાવરકુંડલા મામલતદાર કચેરી દ્વારા તાલુકાની ૧૯ સેજા હેઠળના કુલ ૭૯ મહેસૂલી ગામો માટે તલાટીઓનું નવું ડ્યુટી ચાર્ટ જાહેર કરવામાં આવ્યું છે. નાગરિકોને મહેસૂલી કામગીરી માટે તલાટીની ઉપલબ્ધતા અંગે અગાઉથી જાણકારી રહે અને અરજીઓનો સમયબધ્ધ નિકાલ થાય તે હેતુથી આ આયોજન કરાયું છે. નવા સમયપત્રક મુજબ મહેસૂલી તલાટીઓ સોમવાર, મંગળવાર અને બુધવારે પોતાના સેજા હેઠળના ગામોમાં ફરજ બજાવશે.

ગુરુવારે તમામ તલાટીઓ મામલતદાર કચેરી, સાવરકુંડલા ખાતે હાજર રહેશે. જ્યારે શુક્રવાર અને શનિવારે સેજા હેઠળના ગામોમાં ક્ષેત્રીય કામગીરી કરશે. સાવરકુંડલા-સામાપાદર અને કુંડલા-૨ સહિત ત્રણ સીટી તલાટીઓ તમામ દિવસ મામલતદાર કચેરી ખાતે ફરજ બજાવશે.

# અમરેલીના વોર્ડ નં. ૩માં લોકદરબારમાં સુરક્ષા અને પ્રજાકીય પ્રશ્નો અંગે ચર્ચા

અમરેલી, તા.૧૦

અમરેલી પોલીસ અધિક્ષક સંજય ખરાતની સૂચના મુજબ સીટી પોલીસ દ્વારા વોર્ડ નં.–૩ સ્થિત બ્રાહ્મણ સોસાયટીના બ્રહ્મેશ્વર મહાદેવ મંદિર ખાતે લોકદરબારનું યોજાયો હતો. આ કાર્યક્રમમાં **DYSP** ચિરાગ દેસાઈ, સીટી **PI** ઝાલા તથા **PSI**



કુવાડિયાની વિશેષ ઉપસ્થિતિ રહી હતી.ટૂંકી નોટિસ છતાં નગરપાલિકા સદસ્ય હરપાલભાઈ ધાધલ, સોસાયટીના પ્રમુખ આર.પી. મહેતા તથા સ્થાનિક આગેવાનો અને નાગરિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. લોકદરબાર દરમિયાન વિસ્તારની સુરક્ષા, જનહિત અને કાયદો-વ્યવસ્થાને લગતા વિવિધ મુદ્દાઓ પર અધિકારીઓ સાથે સકારાત્મક ચર્ચા કરવામાં આવી હતી. અધિકારીઓએ પ્રજાકીય પ્રશ્નો સાંભળી યોગ્ય ઉકેલની ખાતરી આપી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

# સાવરકુંડલાના દેવળાગેટ વિસ્તારમાં આવેલી શામજી બાપુ શાકમાર્કેટ નજીક ગંદકીના ગંજ

સાવરકુંડલા, તા.૧૦

સાવરકુંડલાના દેવળાગેટ વિસ્તારમાં આવેલી શામજી બાપુ શાકમાર્કેટ નજીક ગંદકીના ગંજ ખડકાવાની સાથે બેફામ પાણીનો બગાડ થતાં સ્થાનિક રહીશોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. સ્થાનિકો દ્વારા નગરપાલિકામાં વારંવાર લેખિત તથા મૌખિક રજૂઆતો કરવા



છતાં તંત્ર દ્વારા કોઈ નક્કર કામગીરી કરવામાં આવી નથી.કેન્દ્ર સરકાર દ્વારા 'સ્વચ્છતા અભિયાન' પાછળ લાખો રૂપિયાની ગ્રાન્ટ ફાળવવામાં આવતી હોવા છતાં, સ્થાનિક સત્તાધીશોની બેદરકારીને કારણે પરિણામ શૂન્ય સાબિત થઈ રહ્યું છે. એક તરફ ધારાસભ્ય મહેશભાઈ કસવાલા શહેરના વિકાસ માટે સતત પ્રયત્નશીલ છે, તો બીજી તરફ પાલિકા તંત્રની નિષ્ક્રિયતાને લીધે પ્રજા હેરાન થઈ રહી છે.સત્તાધીશો પ્રશ્નની ગંભીરતા જાણવા છતાં આંદોલનની રાહ જોઈ રહ્યા હોય તેમ લાગી રહ્યું છે.










# ગુજરાત રાજ્ય ગ્રામસેવક મહામંડળનું આંદોલનની ચીમકી આપતું આવેદન

અમરેલી, તા. ૧૦



ગુજરાત રાજ્ય ગ્રામસેવક મહામંડળ દ્વારા પોતાની વિવિધ પડતર માંગણીઓ અને કામગીરીના વધારાના બોજા અંગે સરકારને અલ્ટિમેટમ આપ્યા છતાં કોઈ યોગ્ય નિરાકરણ ન આવતા આંદોલનની જાહેરાત કરવામાં આવી છે. મહામંડળના હોદેદારો લાલસિંહ યુ. ઠાકોર અને વિરેન એમ. ભાટુ દ્વારા જણાવાયું છે કે ૭ દિવસની મુદત પૂરી થવા છતાં તંત્ર દ્વારા કોઈ સંવાદ સાધવામાં આવ્યો નથી. આથી નાછૂટકે સમગ્ર રાજ્યના ગ્રામસેવકો દ્વારા કાળી પટ્ટી ધારણ કરવાથી લઈને અચોક્કસ મુદતની હડતાળ સુધીના તબક્કાવાર ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલનાત્મક કાર્યક્રમો યોજવાનું નક્કી કરાયું છે. ગામડાઓમાં કામ કરતા કર્મચારીઓમાં વહીવટી તંત્રની ઘોર ઉપેક્ષા વિરૂધ્ધ ભારે આક્રોશ ફેલાયો છે. જો તાત્કાલિક બેઠક બોલાવી પ્રશ્નોનો ઉકેલ નહી લાવવામાં આવે તો કૃષિ અને ગ્રામીણ ક્ષેત્રે ઊભી થનારી તમામ પરિસ્થિતિ માટે સરકાર જવાબદાર રહેશે.

# વડિયામાં રેત માફિયા સામે તંત્રની લાલ આંખ: ૨૪ કલાકમાં રેતી ચોરી કરતા બે ડમ્પર ઝડપાયા

વડિયા,તા.૧૦



અમરેલી જિલ્લામાં અવારનવાર સામે આવતી ખનીજ ચોરીની પ્રવૃત્તિઓ સામે વડિયા મામલતદાર યોગેશ બારડે લાલ આંખ કરી છે. વડિયા-કુંકાવાવ વિસ્તારમાંથી પસાર થતાં બિનઅધિકૃત ખનીજ ભરેલા વાહનો સામે કડક ઝુંબેશ ચલાવીને માત્ર ૨૪ કલાકના સમયગાળામાં રેતીનું ગેરકાયદે વહન કરતાં બે ડમ્પર ઝડપી પાડવામાં આવ્યા છે.શેત્રુજી નદીમાંથી વગર રોયલ્ટી પાસ કે પરમિટ વગર સાદી રેતી ભરીને જતાં પ્રથમ ડમ્પરને કુંકાવાવ નજીકથી ઝડપાયું હતું. ત્યારબાદ બીજા દિવસે વહેલી સવારે ચાર વાગ્યે વોચ ગોઠવી ચોકી ચેકપોસ્ટ પાસેથી બીજું ડમ્પર પકડી પાડવામાં આવ્યું હતું.તંત્ર દ્વારા કુલ રૂ.૩૧.૭૮ લાખનો મુદ્દામાલ જપ્ત કરી વડિયા પોલીસને સોંપવામાં આવ્યો છે. મામલતદાર યોગેશ બારડ, સર્કલ ઓફિસર કુલદીપસિંહ સિંધવ અને રેવન્યુ ટીમની આ સફળ કામગીરીથી ખનીજ માફિયાઓમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.

# ચલાલામાં નિલકંઠ મહાદેવ મંદિરે અમાસે ધાર્મિકપ્રસંગો યોજાશે

ચલાલા, તા.૧૦



તસવીર : પ્રકાશ કારીયા

ચલાલામાં નિલકંઠ મહાદેવ મંદિર ગ્રુપ દ્વારા રંજનબેન અનંતરાય હરિલાલ સોનપાલ પરિવાર લેસ્ટર (યુકે) તથા નિલકંઠ ગ્રુપ લંડન પરિવારના સહયોગથી શ્રાવણ માસ દરમિયાન ધાર્મિક કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. દરરોજ રાત્રે ૮થી ૧૦:૩૦ સુધી રુદ્રાભિષેક તથા શિવજીની પૂજા-અર્ચના થાય છે. ૧૧ સપ્ટેમ્બરે બપોરે ૧૨:૩૦ કલાકે બ્રહ્મ સમાજની વાડી ખાતે બ્રહ્મભોજનનું આયોજન છે. રાત્રે ૯ વાગ્યે સત્યનારાયણ કથા યોજાશે.

# આંબલિયાળા પ્રાથમિક શાળાને ઉત્કૃષ્ટ પરિણામ બદલ રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા અભિનંદન પત્ર એનાયત

આંબલિયાળા,તા.૧૦



ખાંભા તાલુકાના આંબલિયાળા પ્રાથમિક શાળા માટે અત્યંત ગૌરવપૂર્ણ ક્ષણ સામે આવી છે. રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા વર્ષ ૨૦૨૪-૨૫ અને ૨૦૨૫-૨૬ દરમિયાન **CET, CGMS, NMMS** તથા **PSE** જેવી સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરવા બદલ શાળાને વિશેષ અભિનંદન પત્ર એનાયત કરવામાં આવ્યો છે.આ સિદ્ધિ શાળા પરિવારની એકજૂટ મહેનત, નિષ્ઠા અને સહકારનું ઉત્તમ પરિણામ છે. આ સફળતામાં શાળાના પૂર્વ અને વર્તમાન શિક્ષકો, એસ.એમ.સી. કમિટી, પ્રતિભાશાળી વિદ્યાર્થીઓ તેમજ સમગ્ર ગ્રામજનોનો અમૂલ્ય ફાળો રહ્યો છે.શિક્ષણ ક્ષેત્રે નવી ઊંચાઈઓ સર કરી રહેલી આંબલિયાળા પ્રાથમિક શાળાને સૌ કોઈ દ્વારા હાર્દિક શુભેચ્છાઓ પાઠવવામાં આવી રહી છે. ભવિષ્યમાં પણ બાળકોને ઉત્કૃષ્ટ શિક્ષણ અને ઉજ્જવળ ભવિષ્ય મળે તે માટે શાળા પરિવારે શિક્ષણની જ્યોત સતત પ્રજ્વલિત રાખવાનો દ્રઢ સંકલ્પ વ્યક્ત કર્યો છે.

# દામનગરમાં અન્નદાન અભિયાન માટે પરિવાર દ્વારા આર્થિક સહયોગ

દામનગર,તા.૧૦



દામનગર શહેરમાં વેજનાથ મહાદેવ અન્નક્ષેત્ર અનસૂયા ક્ષુધા ટ્રસ્ટ સંચાલિત નિઃશુલ્ક પ્રસાદ સેવાને ભાવનગર તથા હાલ મુંબઈ સ્થિત સ્વ. મંગલેશ ભુપેન્દ્રભાઈ તથા મનીષાબેન મંગલેશભાઈ પરિવાર દ્વારા શક્તિપીઠ ગાયત્રી મંદિર પરિસરમાં ચાલતા પ્રસાદ ઘરની મુલાકાત લીધી હતી. પ્રસાદ ઘરની સાત્વિકતા અને સ્વચ્છતાથી પ્રભાવિત થઈ અન્નદાન અભિયાન અવિરત રાખવા આર્થિક મદદરૂપે ચેક અર્પણ કર્યો હતો. સ્વયંસેવકોની સેવા બદલ સંતોષ વ્યક્ત કર્યો હતો.

# અમરેલીમાં વિદ્યાસભા કેમ્પસ ખાતે નંદોત્સવની ભવ્ય ઉજવણી

અમરેલી, તા.૧૦





અમરેલી સ્થિત વિદ્યાસભા કેમ્પસ ખાતે ભગવાન શ્રીકૃષ્ણના જન્મોત્સવની ભાવનાને ઉજાગર કરતો નંદોત્સવ-૨૦૨૬ હર્ષોલ્લાસ અને સાંસ્કૃતિક માહોલ વચ્ચે ઉજવાયો હતો. વિદ્યાર્થીઓમાં શિસ્ત, સંસ્કાર તથા ભારતીય સંસ્કૃતિ પ્રત્યે ગૌરવની ભાવના કેળવાય અને સાંસ્કૃતિક પરંપરાની ધરોહર નવી પેઢી સુધી પહોંચે તેવા ઉમદા હેતુથી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના પ્રારંભે કેમ્પસ ડાયરેક્ટર પેથાણી સરે ઉદ્‌બોધન કરી ઉપસ્થિત મહેમાનો, વાલીઓ, વિદ્યાર્થીઓ તથા સમગ્ર સ્ટાફનું સ્વાગત કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે ભગવાન શ્રીકૃષ્ણનું જીવન વિદ્યાર્થીઓ માટે પ્રેરણાનું ઉત્તમ સ્ત્રોત છે. આ પ્રસંગે વસંતભાઈ મોવલિયા, દિનેશભાઈ ભુવા, આર.એફ.ઓ. વાળા, રમેશભાઈ કાથરોટિયા, સુરેશભાઈ દેસાઈ, કાળુભાઈ સુહાગિયા, રાજુભાઈ ગઢિયા, ગણપતભાઈ સેંજલિયા, જયસુખભાઈ મોણપરા, રાજુભાઈ દેસાઈ, સંજયભાઈ પોકળ, ચતુરભાઈ ખૂટ બ્રહ્માકુમારીમાંથી કોમલબેન, મધુબેન, રાજેન્દ્રભાઈ, પ્રિયાંશીબેન, ખ્યાતીબેન, જગદીશભાઈ પોકળ, બીમલભાઈ પોકળ, આનંદભાઈ પોકળ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરાએ કાર્યક્રમને સફળ બનાવવા બદલ બાલમંદિર, પ્રાથમિક શાળા, ગુજરાતી માધ્યમ, અંગ્રેજી માધ્યમ તથા મિશ્ર માધ્યમના શિક્ષકો, સુપરવાઈઝરો અને પ્રિન્સિપાલોને શુભેચ્છા પાઠવી હતી.

# સાવરકુંડલામાં ભવ્ય શિવ પાલખી યાત્રા યોજાઈ

સાવરકુંડલા, તા.૧૦

સાવરકુંડલામાં પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે રિદ્ધિ સિદ્ધિનાથ મહાદેવ મંદિરના સાનિધ્યમાં ભવ્ય શિવ પાલખી યાત્રા યોજાઈ હતી. છેલ્લા ૨૮ વર્ષથી રુદ્ર ગણ દ્વારા શ્રાવણ માસ દરમિયાન અખંડ ધૂન મંડળનું આયોજન કરવામાં આવે છે. તેના ભાગરૂપે પાલખી યાત્રા નગરના મુખ્ય માર્ગો પર ફરી હતી. યાત્રામાં નાના બાળકોએ ભસ્મ તિલક કરી શિવજી, નંદી અને હનુમાનજી સહિત વિવિધ પાત્રોની વેશભૂષા ધારણ કરી હતી. માર્ગો પર ભાવિકોએ પાલખીનું પૂજન-આરતી કરી સ્વાગત કર્યું હતું. 'હર હર મહાદેવ'ના નાદથી સમગ્ર નગર શિવમય બન્યું હતું અને મોટી સંખ્યામાં નગરજનો તથા શિવભક્તો જોડાયા હતા.






# અમરેલીમાં તા. ૧૧ સપ્ટેમ્બરે રોજગાર ભરતી મેળો

**રાજકોટ અને ભાવનગરની કંપનીઓમાં વિવિધ જગ્યાઓ માટે રોજગારીની તક**

અમરેલી, તા. ૧૦

જિલ્લાના રોજગાર ઈચ્છુક ઉમેદવારોને રોજગારીની તક મળી રહે તે માટે જિલ્લા રોજગાર વિનિમય કચેરી અને કૌશલ્ય વિકાસ તથા રોજગાર વિભાગના સંયુક્ત ઉપક્રમે તા. ૧૧ સપ્ટેમ્બરે સવારે ૧૧ કલાકે બહુમાળી ભવન ખાતે ભરતી મેળો યોજાશે. સી.આઈ.ઈ. ઓટોમોટીવ પ્રા.લિ.માં ટ્રેની તથા મશીન ઓપરેટરની જગ્યાઓ માટે ૧૮થી ૩૦ વર્ષની વયના ધો.૧૦, ૧૨, આઈ.ટી.આઈ. તથા ડિપ્લોમા પાસ ઉમેદવારોની ભરતી થશે. પસંદગી પામનારને રૂ.૧૫,૨૦૦ સુધી વેતન મળશે. ભાવનગરની એઈમ લિ.માં બ્રાન્ચ મેનેજર તથા આસિસ્ટન્ટ બ્રાન્ચ મેનેજરની જગ્યાઓ માટે પણ ભરતી કરાશે. નોંધણી ફરજિયાત છે. ઉમેદવારોએ રોજગાર નોંધણી કાર્ડ, શૈક્ષણિક પ્રમાણપત્રો, આધારકાર્ડ, ફોટા તથા જરૂરી મૂળ દસ્તાવેજોની નકલો સાથે હાજર રહેવું. અનુબંધમ પોર્ટલ પર નોંધણી કરી શકાશે. વધુ માહિતી માટે ૦૨૭૯૨-૨૩૩૯૪ પર સંપર્ક કરવા જણાવાયું છે.

## અવસાન નોંધ

**રાજકોટ**

લલિતભાઈ ગાંડાલાલ જોષીનાં ધર્મપત્ની રેખાબેન (ઉં.વ. ૬૮) તે ભાવેશભાઈ, કૌશિકભાઈ તેમજ શિલ્પાબેન કિશનકુમાર રાવલ (ગોંડલ)ના માતૃશ્રી તથા ભાર્ગવભાઈ તથા અમિષભાઈના કાકી તેમજ શરદભાઈ તથા કીર્તિભાઈ (કુકાવાવ)ના મોટાં બહેનનું તા.૦૯/૦૯/૨૦૨૬ને બુધવારના રોજ રાજકોટ મુકામે દુઃખદ અવસાન થયેલું છે. તેમનું બેસાણું તા.૧૨/૦૯/૨૦૨૬ને શનિવારના રોજ તેમના નિવાસસ્થાન "મહાદેવ", ત્યાગરાજ-૧, હોલી રીડીમર સ્કૂલની બાજુમાં, અયોધ્યા ચોક, રાજકોટ મુકામે સાંજે ૦૪ થી ૦૬ કલાકે રાખેલ છે.









## નામ બદલાવેલ છે

મારૂ જુનું નામ પહેલા કાછડીયા નવનીત બાબુલાલ હતું, જે બદલીને નવું નામ કાછડિયા નવનિતભાઈ બાબુભાઈ રાખવામાં આવેલ છે. જેની સર્વે નોંધ લેવી
લિ. કાછડિયા નવનિતભાઈ બાબુભાઈ
સરનામું:- મુ.મોટા મુંજીયાસર, તા.બગસરા, જી.અમરેલી. ગુજરાત-૩૬૫૪૪૦.

## CHANGE OF NAME

I HAVE CHANGE MY OLD NAME FROM KACHHADIYA NAVNIT BABULAL, TO NEW NAME KACHHADIYA NAVNITBHAI BABUBHAI. & I WILL BE KNOWN AS NEW NAME WHICH PLEASE NOTE.
SD/- KACHHADIYA NAVNITBHAI BABUBHAI
ADDRESS: AT MOTA MUNJIYASAR, TALUKA: BAGSARA, DISTRICT: AMRELI, GUJARAT -365440.




# રાજુલા તાલુકાના બિસ્માર રસ્તાઓથી મુસાફરોને ભારે હાલાકી: આંદોલનની ચીમકી

રાજુલા,તા. ૧૦

રાજુલા તાલુકાના નેશનલ હાઈવે સિવાયના મોટા ભાગના મુખ્ય માર્ગો અત્યંત ખરાબ હાલતમાં હોવાથી લોકોને ભારે હાલાકી ભોગવવી પડી રહી છે. રાજુલા-સાવરકુંડલા, રાજુલા-ડુંગર, રાજુલા-ભેરાઈ, રાજુલા-જાફરાબાદ, બારપટોળી-ખાંભા અને રાજુલા-વાવેરા-વીજપડી રોડ પર મસમોટા ખાડા પડી


તસવીર : ગોપાલ રાઠોડ

ગયા છે. ખાડાઓને યોગ્ય રીતે પુરવામાં નહીં આવતા રીપેરીંગ બાદ પણ સમસ્યા યથાવત રહે છે. ખરાબ રસ્તાઓના કારણે અકસ્માતો સર્જાવા સાથે વાહનોને નુકસાન થઈ રહ્યું છે અને એક કલાકનો રસ્તો કાપવામાં બે કલાક જેટલો સમય લાગી રહ્યો છે. કરોડોના ખર્ચે બનેલા રોડ એક જ ચોમાસામાં બિસ્માર બનતા લોકો કોન્ટ્રાક્ટર અને અધિકારીઓની કામગીરી સામે સવાલ ઉઠાવી રહ્યા છે.

તમામ માર્ગોનું તાત્કાલિક ઈન્સ્પેક્શન કરી યોગ્ય મરામત કરવામાં નહીં આવે તો આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારાઈ છે.

# ધારી તાલુકાના ગોપાલગ્રામમાં મજબૂર ખેડૂતે ઉભા કપાસમાં ઢોર ચરાવી દીધા

બગસરા, તા. ૧૦

ધારી તાલુકાના ગોપાલગ્રામ પંથકમાં વરસાદ ખેંચાતા ખેડૂતો ભારે મુશ્કેલીમાં મુકાયા છે. ગોપાલગ્રામના ખેડૂત સુરેશભાઈ વાળાએ પોતાના ૨૦ વીઘા ખેતરમાં કપાસનું વાવેતર કર્યું હતું, પરંતુ પૂરતો વરસાદ ન પડતાં પાક સંપૂર્ણ નિષ્ફળ ગયો છે. બિયારણ, દવા અને મહેનત મળી આશરે રૂ.૩ લાખનો ખર્ચ


તસવીર : હાર્દિક બામટા

કરવા છતાં મોલાત બળી જતાં, મજબૂર બનેલા ખેડૂતે ઉભા પાકમાં પશુઓને ચરાવવા મૂકી દીધા હતા.ગોપાલગ્રામ અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં ખેડૂતોએ કપાસ, મગફળી, જુવાર અને સોયાબીનનું વાવેતર કર્યું છે. જોકે, વરસાદના અભાવે ખેતી પાક સુકાઈ જતાં ખેડૂતોને મોટું આર્થિક નુકસાન વેઠવાનો વારો આવ્યો છે. મુશ્કેલીમાં મુકાયેલા ખેડૂતોએ માંગ કરી છે કે સરકાર દ્વારા તમામ અસરગ્રસ્ત ગામોનો સર્વે કરાવી, વિસ્તારને દુષ્કાળગ્રસ્ત જાહેર કરીને ત્વરિત યોગ્ય વળતર ચૂકવવામાં આવે.

# બેંકમાંથી પૈસા ઉપાડવાનું કહીને નીકળેલી પરિણીતા પુત્ર સાથે ગુમ થઈ

**લાઠીના અકાળા ગામની ઘટના**

લાઠી, તા.૧૦

લાઠીના અકાળા ગામે રહેતી એક મહિલા બેંકમાંથી પૈસા ઉપાડવાનું કહીને પુત્ર સાથે નીકળ્યા બાદ લાપતા બની હતી. ઘણો સમય થવા છતાં મહિલા ઘરે પરત ન ફરતાં શોધખોળ શરૂ કરવામાં આવી હતી. પરંતુ કોઈ ભાળ ન મળતાં પોલીસને જાણ કરાઈ હતી. આ અંગે કાળુભાઈ ભગવાનભાઈ જીજવાડીયા (ઉ.વ.૩૫)એ પોલીસને આપેલી માહિતી મુજબ તેમના પત્ની ભાનુબેન (ઉ.વ.૨૯) બેંકમાંથી પૈસા ઉપાડવાનું કહીને દીકરાને સાથે લઈને ઘરેથી નીકળ્યા હતા અને ઘરે પરત ફર્યા નહોતા. લાઠી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ બી.પી.ડોડીયા વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલી જિલ્લા ભાજપની સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત કાર્યશાળા યોજાઈ

અમરેલી, તા. ૧૦

અમરેલીમાં સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત જિલ્લા ભાજપની કાર્યશાળા વર્ધમાન હોલ, અજમેરા સ્કૂલ ખાતે યોજાઈ હતી. પ્રમુખ અતુલ કાનાણીના અધ્યક્ષસ્થાને યોજાયેલી કાર્યશાળામાં સંગઠન પ્રભારી અભયસિંહ ચૌહાણ તથા પ્રદેશ ભાજપના મીડિયા ઈન્ચાર્જ પ્રશાંત વાળા ઉપસ્થિત રહ્યા હતા. વડાપ્રધાન



નરેન્દ્ર મોદીના જન્મદિવસ તા. ૧૭ સપ્ટેમ્બરથી ૧૭ ઓક્ટોબર સુધી વિવિધ ૧૩ સેવાકાર્યક્રમો યોજાશે. પ્રશાંત વાળાએ જણાવ્યું કે, નરેન્દ્ર મોદીની ૨૫ વર્ષની સેવામય સફરની ઉજવણી કરવી ગૌરવની વાત છે. કાર્યકર્તાઓએ લોકો વચ્ચે જઈ સેવાકાર્યો દ્વારા શુભકામના પાઠવવી જોઈએ. કાર્યશાળામાં એલઈડી સ્ક્રીન પર કાર્યક્રમોની માહિતી આપવામાં આવી હતી. જિલ્લા ભાજપ પ્રમુખ અતુલ કાનાણીએ તમામ કાર્યક્રમો સુચારૂ રીતે યોજવા આહ્વાન કર્યું હતું. કાર્યશાળામાં જિલ્લા ભાજપના આગેવાનો, નગરપાલિકા-પંચાયતના સભ્યો તેમજ અભિયાન ટીમના કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

# રીસામણે ગયેલી પત્નીએ તેડવા આવેલા પતિ સાથે જવાની ના પાડતાં લાગી આવ્યું

**વાંશીયાળી ગામના યુવકે ઝેરી દવા પીધી**

સાવરકુંડલા, તા. ૧૦

સાવરકુંડલાના વાંશીયાળી ગામના યુવકની પત્ની રીસામણે ગઈ હતી. પતિ તેડવા જવા છતાં સાથે આવવાની ના પાડી હતી, જેથી લાગી આવતાં તેણે ઝેરી દવા પી લીધી હતી. નરેશભાઈ અમરાભાઈ બગડા (ઉ.વ. ૪૦) એ જાહેર કર્યા મુજબ, તેમની પત્ની રીસામણે જતી રહી હતી. અવારનવાર તેઓ પોતાની પત્નીને તેડવા માટે ગયા હતા, પરંતુ પત્નીએ આવવાની ના પાડી હતી. જેથી તેમને મનમાં લાગી આવતાં પોતાના ઘરે કપાસમાં નાખવાની જંતુનાશક ઝેરી દવા પી લીધી હતી. વંડા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એસ. એમ. વિંઝુડા વધુ તપાસ કરી રહ્યા છે.

# ગોઢાવદર આંગણવાડી કેન્દ્ર-૨ ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

લીલીયા, તા. ૧૦

લીલીયા તાલુકાના ગોઢાવદર ગામમાં આંગણવાડી કેન્દ્ર-૨ ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમ દરમિયાન આંગણવાડીના ગ્રાઉન્ડ ફરતે વિવિધ વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સલડી બીટના ફોરેસ્ટ રુબીનાબેન, શાળાના આચાર્ય વર્ષાબેન જોષી, ગામ આગેવાન સુરેશભાઈ ગજેરા, જે.પી. ભાસ્કર, ધવલભાઈ જોષી, મીનાબેન રાઠોડ, ભરત વિંઝુડા,



આંગણવાડી વર્કર મનીષાબેન, રસિલાબેન દુધરેજિયા, ગીતાબેન બગડા, કાજલબેન ગોસાઈ સહિત શિક્ષકગણ અને નાના ભૂલકાઓ ઉપસ્થિત રહ્યા હતા. રુબીનાબેને બાળકોને પાણીની બોટલો આપી હતી. વર્ષાબેન જોષીએ વૃક્ષોના જતન, ઉપયોગિતા તથા વૃક્ષોમાંથી બનતી વિવિધ વસ્તુઓ અંગે બાળકોને સમજ આપી હતી.

# માછીમારી કરવા ગયેલા માછીમારનો પગ લપસી જતાં દરિયામાં ખાબક્યા બાદ લાપતા

જાફરાબાદ, તા.૧૦

જાફરાબાદમાં રહેતા નારણભાઈ કાનાભાઈ બારૈયા (ઉ.વ.૬૨)એ જાહેર કર્યા મુજબ, ગુમ થનાર પ્રવિણભાઈ છનાભાઈ ભાલીયા ગઈ તા.૦૧/૦૯/૨૬ ના વહેલી સવારના આશરે પાંચેક વાગ્યાથી તેમની બોટમાં મચ્છીમારી કરવા ગયા હતા. દરિયામાં આશરે દસ નોટીકલ માઈલ દૂર પહોંચતા સવારના સાતેક વાગ્યાના સુમારે કુદરતી હાજતે જવા ઊભા થઈ બોટમાં શૌચાલય તરફ જતાં અકસ્માતે પગ લપસી જતાં દરિયામાં પડી જઈ ગુમ થયા હતા. આ અંગે જાફરાબાદ મરીન પોલીસ સ્ટેશનના એસ.આઈ. એચ. પી. ગોહિલ વધુ તપાસ કરી રહ્યા છે.

# કમાણી સાયન્સ એન્ડ પ્રતાપરાય આટ્ર્સ કોલેજના BCA વિભાગમાં શિક્ષક દિવસની ઉજવણી

અમરેલી, તા. ૧૦

અમરેલી ખાતે શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ તથા અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત કમાણી સાયન્સ એન્ડ પ્રતાપરાય આટ્ર્સ કોલેજના BCA વિભાગમાં તા. ૯ સપ્ટેમ્બરના રોજ શિક્ષક દિવસની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે વિદ્યાર્થીઓએ શિક્ષકની ભૂમિકા નિભાવી સમગ્ર કાર્યક્રમમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓએ શિક્ષકો પ્રત્યે આદર, સન્માન અને કૃતજ્ઞતાની ભાવના વ્યક્ત કરી હતી. કાર્યક્રમને



સફળ બનાવવા કોલેજના સ્ટાફ, કોઓર્ડિનેટર તેમજ BCA વિભાગના HOD પી.વી. ઠુંમર દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું. આ આયોજન બદલ અમરેલી જિલ્લા વિદ્યાસભાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી મનસુખભાઈ ધાનાણી સહિતના આગેવાનોએ કોલેજ પરિવારને અભિનંદન પાઠવ્યા હતા.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિ: અમાસ
તા.૧૧-૦૯-૨૦૨૬, શુક્રવાર, સૂર્યોદય-૦૬:૦૩,
સૂર્યાસ્ત-૦૬:૩૧, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: પૂર્વ ફાલ્ગુની

### દૈનિક રાશિફળ

તા.૧૧-૦૯-૨૦૨૬ શુક્રવાર

મેષ:આજે તમે લોકોમાં પ્રિય બનશો. તમારામાં વિશેષ આકર્ષણ રહેશે. કાયમી મિલકત સંબંધિત ક્ષેત્રોમાં સારા લાભ થશે.

વૃષભ: ભાગ્યની દ્રષ્ટિએ આજનો દિવસ સારો રહેશે. જો થોડા દિવસોથી શરીરમાં કોઈ સમસ્યા હોય છે તો તેમાં સુધારો થશે. બાળકો તરફથી સારા સમાચાર મળવાના સંકેત છે.

મિથુન: આજે તમારા કાર્યક્ષેત્રના શત્રુઓ વધુ મજબૂત થશે. આજે તમારામાં નિર્ભયતાની ભાવના રહેશે. તમે નિર્ભયતાથી તમારા કાર્યો કરી શકશો.

કર્ક: આજે બુદ્ધિ અને જ્ઞાન વધશે. તમારા પૂરા પ્રયત્નોથી ઇચ્છા પૂર્ણ થશે. નિયમ દ્વારા તમારું સન્માન થવાની પ્રબળ સંભાવના છે.

સિંહ: જો તમે વિદ્યાર્થી છો તો તમારી શૈક્ષણિક દિશા બદલાશે. શિક્ષણ પ્રત્યે તમારી રુચિ વધશે. આજે તમે નવા કાર્યો શીખવામાં સફળ થશો.

કન્યા: આજે તમારે તે વાતનું પૂરું ધ્યાન રાખવું જોઈએ કે સામેની વ્યક્તિને ખરાબ ના લાગે. આજે તમારી વર્તણૂકને પણ ધ્યાનમાં રાખો.

તુલા: આજે આવક કરતા વધુ ખર્ચ થશે. તમે તમારી ધૈર્ય અને પ્રતિભાથી દુશ્મનની બાજુએ વિજય મેળવવામાં સફળ થશો.

વૃશ્ચિક: આજે તમારે કોઈ કારણ વિના નાના ભાઈ-બહેનોના અસહકારનો ભાગ બનવું પડશે. તમારા સ્વભાવ પ્રત્યે ગંભીર બનો, તમે માત્ર મહેનત કરીને જ તમારા કાર્યમાં સફળ થશો.

ધન: આવક વધારવાના પ્રયત્નો ૧૦૦ ટકા સફળ થશે. શ્રેષ્ઠ માર્ગ દ્વારા પ્રાપ્ત થતા ભંડોળમાં વધારો થશે. ભાગ્યની દ્રષ્ટિએ આજનો દિવસ સારો રહેશે.

મકર: આજે તમારામાં પરોપકાર અને દાનની લાગણી વધવા માંડશે. આજે તમે ધાર્મિક કાર્યક્રમોમાં વધુ સમય પસાર કરશો. આત્મવિશ્વાસના આધારે કરવામાં આવેલ પ્રયત્નો સફળ થશે.

કુંભ: આજે તમારી પોતાની સંપત્તિમાં વધારો થશે. તમને તમારા મોસાળ તરફથી પણ માન મળશે. સાસુ-સસરા તરફથી અને પત્નીના પક્ષ તરફથી સંપૂર્ણ સહયોગ મળશે.

મીન: આજે પૂર્વજો પાસેથી સંપત્તિ મળવાની સંભાવના છે. આ સિવાય આજે તંત્ર-મંત્ર પ્રત્યેની રુચિ પણ વધી શકે છે. પુણ્યની કામગીરીમાં રાતનો સમય વિતાવશો.

# અમરેલી હોસ્પીટલમાં ચક્ષુદાન સપ્તાહ ઉજવણી અંધત્વ દુર કરવા જાગૃતિ કાયક્રમ યોજાયો

અમરેલી, તા. ૧૦

અમરેલીની શ્રી શાંતાબા જનરલ હોસ્પિટલ અને મેડિકલ કોલેજ ખાતે ચક્ષુદાન સપ્તાહની ઉજવણી અંતર્ગત ચક્ષુદાન જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમનો મુખ્ય હેતુ સમાજમાં નેત્રદાન અંગે જાગૃતિ ફેલાવી અંધત્વ નિવારણ માટે લોકોને પ્રેરિત કરવાનો હતો. ઈન્ડિયન



રેડક્રોસ સોસાયટી, સાવરકુંડલા શાખાના સેક્રેટરી મેહુલભાઈ વ્યાસે ચક્ષુદાનનું મહત્ત્વ અને તેની પ્રક્રિયા અંગે માર્ગદર્શન આપ્યું હતું. તેમણે ચક્ષુદાનને મહાદાન ગણાવી તેના દ્વારા અંધ વ્યક્તિના જીવનમાં પ્રકાશ લાવી શકાય તેમ જણાવ્યું હતું. તેમના માર્ગદર્શનથી પ્રેરાઈ અનેક લોકોએ ચક્ષુદાન કરવાનો સંકલ્પ લીધો હતો. કાર્યક્રમમાં ડો. આર. એમ. જીતિયા, દિનેશભાઈ કાપડિયા, ડો. પૂજા, ડો. હિરેન ઘાટડ, ડો. રોશની પરમાર સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# લાઠી પંથકમાંથી બે પરિણીતા ઘરેથી ચાલી નીકળી

લાઠી, તા.૧૦

લાઠી પંથકમાંથી બે પરિણીતા ઘરેથી ચાલી નીકળી હતી. નારાયણનગર ગામે રહેતા લવકુમાર કાંતીભાઈ ચૌહાણ (ઉ.વ.૩૯)એ જાહેર કર્યા મુજબ, તેમનાં પત્ની કલ્પનાબેન (ઉ.વ.૩૫) પોતાના ઘરેથી કોઈને કહ્યા વગર પોતાની મરજીથી ક્યાંક જતાં રહ્યાં હતાં. શોધખોળ કરવા છતાં કોઈ ભાળ ન મળતાં આ અંગે પોલીસને જાણ કરવામાં આવી હતી. બીજા બનાવમાં ધ્રુફણીયા ગામે રહેતા અશોકભાઈ કરશનભાઈ ડાભી (ઉ.વ.૬૦)એ જાહેર કર્યા મુજબ, તેમની દીકરી હેતલબેન રમેશભાઈ હિરપરા (ઉ.વ.૩૩) પોતાના ઘરેથી કોઈને કહ્યા વગર પોતાની મરજીથી ક્યાંક જતાં રહ્યાં હતાં. દામનગર પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ ડી. એ. ચારોલા બંને કેસની તપાસ કરી રહ્યા છે.

# સા.કુંડલામાં પતિએ પત્નીને ઢીકાપાટુનો મૂંઢમાર માર્યો

**સાસુએ ઘરકામ બાબતે મેણા માર્યા**

સાવરકુંડલા, તા. ૧૦

સાવરકુંડલામાં પતિએ પત્નીને ઢીકાપાટુનો મૂંઢમાર માર્યો હતો, જ્યારે સાસુએ ઘરકામ બાબતે મેણા માર્યા હતા. સુનેરાબેન રિઆઝભાઈ ચૌહાણ (ઉ.વ. ૨૪)એ પતિ રિઆઝભાઈ મહેબુબભાઈ ચૌહાણ તથા સાસુ રૂકસાનાબેન મહેબુબભાઈ ચૌહાણ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમને પતિએ શારીરિક-માનસિક દુ:ખત્રાસ આપી ગાળો બોલી શરીરે ઢીકાપાટુનો મૂંઢમાર માર્યો હતો. સાસુએ ઘરકામ તેમજ કરિયાવર બાબતે મેણા-ટોણા માર્યા હતા. સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના એએસઆઈ કેતનભાઈ દેવજીભાઈ રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

# બગસરા બાયપાસ રોડ મચ્છુમાના મંદિર પાસે રિક્ષા ખાડામાં ઉતરી જતાં ૫ મહિનાની બાળકીનું મોત

**રફાળાથી નડાળા ગામે જતી વખતે બનાવ બન્યો**

બગસરા, તા.૧૦

બગસરા બાયપાસ રોડ મચ્છુમાના મંદિર પાસે રિક્ષા ખાડામાં ઉતરી જતાં ૫ મહિનાની બાળકીનું સારવારમાં મોત થયું હતું. રફાળાથી નડાળા ગામે જતી વખતે આ બનાવ બન્યો હતો. આ અંગે નડાળા ગામે રહેતા ઘુંઘાભાઈ સામતભાઈ મુંધવા (ઉ.વ.૩૪)એ જાહેર કર્યા મુજબ, તેમના સગા નાના ભાઈ ગોબરભાઈ તથા તેના પત્ની, બાળકો સાથે કેરી CNG રિક્ષામાં બેસી રફાળાથી નડાળા ગામે જતા હતા. આ સમયે અચાનક રિક્ષા ખાડામાં ઉતરી જતા પાંચ મહિનાની બાળકીને શરીરે ઈજાઓ થતા સારવાર દરમિયાન મરણ પામી હતી. બગસરા પોલીસ સ્ટેશનના એએસઆઈ એમ.જે. બાલસરા વધુ તપાસ ચલાવી રહ્યા છે.

# અમરેલીના ટીંબલા ગામેથી ૫ લીટર દેશી દારૂ પકડાયો

અમરેલી, તા. ૧૦

અમરેલીના ટીંબલા ગામેથી એક યુવક પાસેથી ૫ લીટર દેશી દારૂ પકડાયો હતો. આ ઉપરાંત અમરેલી, સાવરકુંડલા, રાજુલા, માંડરડી અને ખાંભામાંથી મળીને કુલ ૯ ઈસમો પાસ-પરમિટ વગર કેફી પીણું પીને ફરતા મળી આવ્યા હતા. પોલીસે તમામ ઈસમો સામે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# રાજુલાના હિંડોરણા ગામે સ્ટ્રીટ લાઈટના અજવાળે જુગાર રમતા પાંચ ઝડપાયા

અમરેલી,તા.૧૦

હિંડોરણામાં ભગતભાઈ મકવાણાના મકાન તરફ જતી શેરીમાં સ્ટ્રીટ લાઈટના અજવાળે જાહેર જગ્યા પર ગોળ કુંડાળુ વાળીને પૈસા તથા ગંજીપતાના પાના વડે હારજીતનો જુગાર રમી રહેલા ૫ ઈસમોને પોલીસે રંગેહાથ ઝડપી લીધા હતા.

તંત્રી લેખ

# ડિગ્રી વધી, તક કેમ ઘટી?

ભારતની સૌથી મોટી તાકાત તેની યુવા વસ્તી છે. પરંતુ આ જ તાકાત જો યોગ્ય દિશા વિના રહે તો તે ચિંતાનું કારણ બની શકે છે. આજે દેશના અનેક યુવાનો સામે સૌથી મોટો પ્રશ્ન છે—ભણ્યા પછી આગળ શું? અભ્યાસ પૂરો કર્યા પછી સારી નોકરી મેળવવાની સ્પર્ધા વધી રહી છે. ઘણી જગ્યાએ ઉમેદવારોની સંખ્યા ઘણી છે, પરંતુ તકો મર્યાદિત છે. આ સ્થિતિ માત્ર યુવાનોની સમસ્યા નથી. તે દેશના વિકાસ સાથે સીધી રીતે જોડાયેલો રાષ્ટ્રીય પ્રશ્ન છે.

આપણે વર્ષોથી શિક્ષણને સફળતાની ચાવી માન્યું છે. તેમાં કોઈ શંકા નથી કે શિક્ષણ માણસને જ્ઞાન અને સમજ આપે છે. પરંતુ આજના સમયમાં માત્ર પ્રમાણપત્ર પૂરતું નથી. કામની દુનિયા ઝડપથી બદલાઈ રહી છે. નવી પધ્ધતિઓ આવી રહી છે. નવા પ્રકારનાં કામ ઊભાં થઈ રહ્યાં છે. તેથી યુવાન પાસે ભણતર સાથે કામ કરવાની આવડત પણ હોવી જરૂરી છે.

ગામડાંમાં આ બાબતની વિશાળ સંભાવના છે. દરેક યુવાનને શહેરમાં જવું પડે એવું નથી. ગામમાં જ ખેતી સાથે જોડાયેલા વ્યવસાય, દૂધ અને પશુપાલન, ખાદ્ય વસ્તુઓનું ઉત્પાદન, હસ્તકલા, પ્રવાસન અને સ્થાનિક સેવાઓના અનેક રસ્તા ઊભા થઈ શકે છે. યોગ્ય તાલીમ, બજાર સુધી પહોંચ અને સરળ નાણાકીય સહાય મળે તો ગામડાંના યુવાનો પોતાના વિસ્તારમાં જ રોજગાર ઊભો કરી શકે છે.

સરકાર માટે પણ અહીં મોટી જવાબદારી છે. રોજગારની સમસ્યાનો ઉકેલ માત્ર ભરતી વધારવાથી નહીં આવે. નાના અને મધ્યમ વ્યવસાયોને આગળ વધવા માટે અનુકૂળ વાતાવરણ જોઈએ. નવા ઉદ્યોગો શરૂ કરનાર યુવાનોને માર્ગદર્શન જોઈએ. તાલીમ કેન્દ્રો અને શિક્ષણ સંસ્થાઓમાં ખરેખર બજારમાં ઉપયોગી આવડત શીખવવી જોઈએ. સાથે સાથે ઉદ્યોગોની પણ જવાબદારી છે. માત્ર અનુભવી ઉમેદવારો શોધવાને બદલે નવા યુવાનોને શીખવાની તક આપવી જરૂરી છે. તાલીમ અને કામ સાથે જોડાયેલી વ્યવસ્થા વધશે તો શિક્ષણ અને રોજગાર વચ્ચેનું અંતર ઘટશે.

પરિવાર અને સમાજે પણ પોતાની વિચારસરણી બદલવી પડશે. દરેક યુવાને એક જ પ્રકારની નોકરી કરવી જોઈએ અથવા દરેક બાળક ડિગ્રી પછી ચોક્કસ પદ મેળવવું જોઈએ એવી અપેક્ષા ઘણી વાર યુવાનો પર અનાવશ્યક દબાણ ઊભું કરે છે. દરેક વ્યક્તિની ક્ષમતા અલગ હોય છે. કોઈ નોકરીમાં સફળ થાય છે, કોઈ વ્યવસાયમાં, કોઈ કારીગરીમાં અને કોઈ સર્જનાત્મક ક્ષેત્રમાં.

ભારતનું ભવિષ્ય બેરોજગારીના આંકડામાં નથી. ભારતનું ભવિષ્ય તેના યુવાનોની ક્ષમતામાં છે. જો આપણે યુવાનોને માત્ર નોકરી માટે નહીં, પરંતુ જીવન માટે તૈયાર કરીશું, તો તેઓ નવી તકો શોધશે અને નવી તકો ઊભી પણ કરશે.

આપણે સમસ્યાથી ડરવાની જરૂર નથી. જરૂર છે તેને સાચી દિશામાં જોવાની. યુવાનોને વિશ્વાસ આપીએ, તેમને કૌશલ્ય આપીએ અને તેમને આગળ વધવાની તક આપીએ. ત્યારે આજનો રોજગારનો પડકાર આવતીકાલના ભારતની સૌથી મોટી શક્તિ બની શકે છે. કારણ કે યુવાનોને રોજગાર આપવાથી માત્ર એક પરિવારનું જીવન બદલાતું નથી; યુવાનોને પોતાની તક ઊભી કરવાની શક્તિ આપવાથી આખા રાષ્ટ્રની દિશા બદલાઈ શકે છે.

# કૃત્રિમ બુદ્ધિ પાછળનો ખર્ચ : વિકાસની દોડ કે જોખમી જુગાર ?



પ્રાસંગિક
સુરેશ દેસાઈ

આજના ઝડપી બદલાતા યુગમાં કૃત્રિમ બુદ્ધિ સૌથી વધુ ચર્ચાતી ટેકનોલોજી બની છે. માણસની જેમ શીખી શકે અને અનેક કામ ઝડપથી કરી શકે તેવી આ ટેકનોલોજી હવે આપણા જીવનનો ભાગ બની રહી છે. શિક્ષણ, આરોગ્ય, ખેતી, ઉદ્યોગ, બેન્કિંગ અને સરકારી સેવાઓમાં તેનો ઉપયોગ વધી રહ્યો છે.

અમેરિકા કૃત્રિમ બુદ્ધિના ક્ષેત્રમાં સૌથી આગળ છે. મોટી કંપનીઓ આ ટેકનોલોજી પાછળ અબજો ડોલરનું રોકાણ કરી રહી છે. નવા કમ્પ્યુટર કેન્દ્રો બની રહ્યા છે. શક્તિશાળી ચીપ, વીજળી, માહિતી સંગ્રહ અને સંશોધન પાછળ પણ મોટો ખર્ચ થઈ રહ્યો છે. પરંતુ આ વિકાસની દોડ વચ્ચે એક મોટો પ્રશ્ન ઊભો થયો છે. કૃત્રિમ બુદ્ધિ પાછળ થઈ રહેલો આટલો મોટો ખર્ચ ખરેખર કેટલો લાભ આપશે? શું આ રોકાણ લાંબા ગાળે અર્થતંત્રને મજબૂત બનાવશે? કે પછી વધારે પડતો ખર્ચ ભવિષ્યમાં જોખમ ઊભું કરશે? મોટું રોકાણ એટલે મોટો વિકાસ એવું માનવું યોગ્ય નથી. કોઈપણ રોકાણનું મૂલ્યાંકન તેના પરિણામથી થવું જોઈએ. કેટલા અબજો ખર્ચાયા તેનાથી વધારે મહત્વનું છે કે કેટલું ઉત્પાદન વધ્યું. કેટલા નવા રોજગાર ઊભા થયા? કેટલો સમય બચ્યો? કેટલા લોકોને તેનો લાભ મળ્યો? આવા પ્રશ્નોના જવાબો વધારે મહત્વના છે.

કૃત્રિમ બુદ્ધિ માટે મોટું માળખું જરૂરી છે. વિશાળ કમ્પ્યુટર કેન્દ્રો બનાવવા પડે છે. શક્તિશાળી ચીપની જરૂર પડે છે. મોટા પ્રમાણમાં વીજળી વપરાય છે. માહિતી સંગ્રહવા માટે પણ વિશાળ વ્યવસ્થા ઊભી કરવી પડે છે. આ બધું ખર્ચાળ છે. રોકાણ વધે છે તે સારી વાત છે. પરંતુ તેની સામે મળતો વાસ્તવિક લાભ પણ વધવો જોઈએ. જો ખર્ચ સતત વધતો રહે અને આવક તથા ઉત્પાદન તેમાં અનુરૂપ વધારો ન કરે તો આ રોકાણ કંપનીઓ માટે બોજ બની શકે છે. કૃત્રિમ બુદ્ધિમાં રહેલી સંભાવનાઓને નકારી શકાય નહીં. આરોગ્ય ક્ષેત્રમાં તેનો ઉપયોગ રોગોની ઓળખ અને દવાઓના સંશોધનમાં થઈ શકે છે. ખેતીમાં તે ખેડૂતોને હવામાન અને પાક અંગે ઉપયોગી માહિતી આપી શકે છે. શિક્ષણમાં વિદ્યાર્થીઓને તેમની જરૂરિયાત મુજબ માર્ગદર્શન મળી શકે છે.

બેન્કિંગ અને સરકારી સેવાઓ પણ વધુ ઝડપી બની શકે છે. નાના વેપારીઓને પણ તેનો લાભ મળી શકે છે. માહિતી મેળવવી સરળ બની શકે છે. કામનો સમય ઘટી શકે છે. ઉત્પાદનક્ષમતા વધી શકે છે. આથી કૃત્રિમ બુદ્ધિને માત્ર ખર્ચ તરીકે જોવી યોગ્ય નથી. તેનો યોગ્ય ઉપયોગ થાય તો તે વિકાસનું મોટું સાધન બની શકે છે. પરંતુ તેની ક્ષમતાને લઈને અતિશય અપેક્ષા રાખવી યોગ્ય નથી. દરેક સમસ્યાનો ઉકેલ કૃત્રિમ બુદ્ધિ આપી દેશે એવું માનવું જોખમી છે. ટેકનોલોજીનો ઉપયોગ સમજદારીથી કરવો જરૂરી છે. ખર્ચ અને લાભ વચ્ચે યોગ્ય સંતુલન હોવું જોઈએ. ટેકનોલોજીના ઈતિહાસમાં અનેક ઉદાહરણો જોવા મળે છે. નવી શોધ આવે ત્યારે ભારે ઉત્સાહ જોવા મળે છે. કેટલીક શોધો લાંબા સમય સુધી અસર કરે છે. કેટલીક શોધો થોડા સમય પછી પાછળ રહી જાય છે.

કૃત્રિમ બુદ્ધિ સાથે શું થશે તે આજે ચોક્કસ કહી શકાય નહીં. તેથી ઉત્સાહ સાથે સાવચેતી પણ જરૂરી છે. ટેકનોલોજી કેટલી મોટી છે તે કરતાં તે કેટલી ઉપયોગી છે તે વધુ મહત્વનું છે. આ ચર્ચામાં સામાન્ય માણસ સૌથી મહત્વનો છે. કૃત્રિમ બુદ્ધિ પાછળ અબજો ડોલર ખર્ચાય, પરંતુ તેનો લાભ માત્ર મોટી કંપનીઓ સુધી સીમિત રહે તો તેનો હેતુ અધૂરો રહેશે. જો કૃત્રિમ બુદ્ધિથી શિક્ષણ સસ્તું બને, સારવાર સરળ બને અને સરકારી સેવાઓ ઝડપી બને તો તેનો સાચો લાભ ગણાય. ખેડૂતોને સારી માહિતી મળે અને નાના વેપારીઓનું કામ સરળ બને તો તેનો લાભ સમાજ સુધી પહોંચ્યો કહેવાય. પરંતુ જો તેનો લાભ માત્ર મોટી કંપનીઓ અને થોડા લોકો સુધી સીમિત રહેશે તો આર્થિક અસમાનતા વધી શકે છે. તેથી કૃત્રિમ બુદ્ધિનો વિકાસ સમાજના દરેક વર્ગ માટે ઉપયોગી બને તે જરૂરી છે. રોજગારનો પ્રશ્ન પણ મહત્વનો છે. કૃત્રિમ બુદ્ધિ અનેક કામ સરળ બનાવી શકે છે. તેથી કેટલાક પરંપરાગત કામોની જરૂરિયાત ઘટી શકે છે. આ કારણે યુવાનોમાં ચિંતા સ્વાભાવિક છે. પરંતુ નવી ટેકનોલોજી સાથે નવા કામ પણ ઊભા થાય છે. કામ કરવાની રીત બદલાય છે. તેથી ટેકનોલોજીથી ડરવાને બદલે તેની સાથે આગળ વધવું જરૂરી છે.


યુવાનોને નવી કુશળતા શીખવવી પડશે. શિક્ષણ પધ્ધતિમાં પણ બદલાવ લાવવો પડશે. વિદ્યાર્થીઓને માત્ર માહિતી યાદ કરાવવી પૂરતી નથી. તેમને વિચારતા શીખવવા પડશે. સમસ્યાનો ઉકેલ શોધતા શીખવવા પડશે. નવી ટેકનોલોજીનો જવાબદારીપૂર્વક ઉપયોગ કરતા શીખવવું પડશે. અમેરિકામાં કૃત્રિમ બુદ્ધિ પાછળ થઈ રહેલું મોટું રોકાણ ભારત માટે પણ મહત્વનો સંદેશ છે. ભારતે આ ક્ષેત્રમાં આગળ વધવું જોઈએ. પરંતુ માત્ર મોટા દેશોની નકલ કરીને ભારે ખર્ચ કરવાની જરૂર નથી. ભારત માટે ઓછા ખર્ચે વધુ લોકો સુધી પહોંચે તેવી ટેકનોલોજી વધુ ઉપયોગી બની શકે છે. ખેતી, શિક્ષણ, આરોગ્ય અને સરકારી સેવાઓમાં તેનો ઉપયોગ વધારવો જોઈએ. ભારતીય ભાષાઓમાં કૃત્રિમ બુદ્ધિનો વિકાસ પણ ખૂબ જરૂરી છે. ટેકનોલોજી માત્ર મોટા શહેરો સુધી સીમિત ન રહેવી જોઈએ. તેનો લાભ ગામડાં અને નાના શહેરોમાં રહેતા લોકોને પણ મળવો જોઈએ.

સરકાર અને કંપનીઓ બંનેની જવાબદારી છે. સરકારે વિકાસને પ્રોત્સાહન આપવું જોઈએ. સાથે જરૂરી નિયમો પણ બનાવવા જોઈએ. કંપનીઓએ પણ માત્ર સ્પર્ધામાં આગળ વધવા માટે ખર્ચ વધારવો ન જોઈએ. રોકાણથી મળતા પરિણામ પર ધ્યાન આપવું જોઈએ. કૃત્રિમ બુદ્ધિનો વિરોધ કરવાની જરૂર નથી. પરંતુ તેના નામે થતો દરેક ખર્ચ વિકાસનું પ્રમાણ છે એવું પણ માનવું નહીં. ટેકનોલોજી માણસ માટે છે. માણસ ટેકનોલોજી માટે નથી. કૃત્રિમ બુદ્ધિ માણસનો સમય બચાવે. કામ સરળ બનાવે. નવી તકો ઊભી કરે. જીવન વધુ સારું બનાવે. તેનો ઉપયોગ માનવહિત માટે થાય તે સૌથી મહત્વનું છે.

અમેરિકામાં થઈ રહેલું વિશાળ રોકાણ સમગ્ર દુનિયા માટે એક મોટો પ્રયોગ છે. તેની સફળતા કે નિષ્ફળતા આગામી વર્ષોમાં વધુ સ્પષ્ટ થશે. જો કૃત્રિમ બુદ્ધિ ઉત્પાદન વધારશે અને નવા રોજગાર ઊભા કરશે તો આ રોકાણ વિકાસનું મહત્વનું પગલું સાબિત થશે. પરંતુ જો ખર્ચ ખૂબ વધશે અને લાભ ઓછો રહેશે તો આ દોડ જોખમી બની શકે છે. તેથી આજે સૌથી વધુ જરૂર અંધ ઉત્સાહની નથી. સમજદારીની છે. કૃત્રિમ બુદ્ધિમાં રોકાણ કરવું જરૂરી છે. પરંતુ તેના પરિણામનું મૂલ્યાંકન પણ જરૂરી છે. વિકાસની દોડમાં આગળ વધવું જોઈએ. પરંતુ આંખ બંધ કરીને નહીં.

આખરે કૃત્રિમ બુદ્ધિનું સાચું મૂલ્ય તેના પાછળ ખર્ચાયેલા અબજો ડોલરથી નક્કી નહીં થાય. તેનું મૂલ્ય એ વાતથી નક્કી થશે કે તે સામાન્ય માણસનું જીવન કેટલું સરળ બનાવે છે. સમાજને કેટલો લાભ આપે છે. અને દેશના વિકાસમાં કેટલું યોગદાન આપે છે. કૃત્રિમ બુદ્ધિ વિકાસની મોટી તક છે. આ તકને સમજદારીપૂર્વક ઉપયોગમાં લેવી જરૂરી છે. ટેકનોલોજીની ગતિ સાથે માનવહિતનું સંતુલન જાળવાશે તો કૃત્રિમ બુદ્ધિ ખરેખર વિકાસનું શક્તિશાળી સાધન બની શકે છે.

## શબ્દ સંજોગ-૨૨૯૨



**આડી ચાવી :**
(૧) લગ્નવેળા કન્યાએ પહેરવાનું વસ્ત્ર (૪)
(૪) બંદૂક કે તોપના દારૂને સળગાવવા માટેની કાકડી (૪)
(૭) લગભગ સાડી આડત્રીસ રૂપિયાભાર જેટલું એક વજન (૩)
(૮) હિંમત (૨)
(૯) હારી ગયેલું (૨)
(૧૦) ઉંદર મામાનું ઘર (૨)
(૧૧) પોતાનું, પોતીકું (૧)
(૧૨) દૃષ્ટિ (૩)
(૧૫) એક જળચર પ્રાણી (૩)
(૧૭) લાંછન, ડાઘ (૩)
(૧૯) કસ, સત્વ (૨)
(૨૦) વૈભવ (૨)
(૨૧) આજની કારમી મોંઘવારીમાં દરેકને પૈસાની..... રહે જ છે. (૨)
(૨૪) માળા, મણકા પરોવી કરેલો હાર (૨)
(૨૫) તાવીજ, બખ્તર (૩)
(૨૭) રાજા, રાજ્ય (૨)
(૨૯) ગૃહિણીનું હથિયાર (૩)
(૩૦) શરીરનું એક અવયવ (થયું અવળું) (૨)
(૩૨) તોબા યે.....ચાલ.... (૪)
(૩૩) ઉંમર થાય એટલે ચહેરા પર પડે (આ-અ) (૪)

**ઉભી ચાવી :**
(૧) આરપાર જોઈ શકાય તેવું (૫)
(૨) એક જાતનો વેલો (૩)
(૩) એક તેલી બી (૨)
(૪) નવાનગર તરીકે ઓળખાતું ગુજરાતનું એક શહેર (૫)
(૫) અણસમજુ, મુર્ખ (૩)
(૬) પધ્ધતિ (૨)
(૧૩) નાણું, સોનું (૨)
(૧૪) પાડાનો....ને પખાલીને ડામ (૨)
(૧૫) સ્મશાન (૩)
(૧૬) હોજરી, પેટ (૩)
(૧૮) રાજા રાવણની નગરી (૨)
(૨૧) આતુરતા, ચટપટી (૪)
(૨૨) વૃતિ, લાગણી (૨)
(૨૩) ....હરામ હૈ (૩)
(૨૫) બાંધેલો લોટ (૩)
(૨૬) એક પક્ષી (૩)
(૨૮) .....જણાવવાનું કે... (૨)
(૩૧) નૃત્ય, ડાન્સ (૨)

## શબ્દ સંજોગ-૨૨૯૧ જવાબ

**આડી ચાવી** : (૧) અમદાવાદ (૪) મર્કટ (૬) મલ (૭) વાહે (૯) શકલ (૧૧) લીન (૧૩) રોમન (૧૫) ગરજ (૧૭) ટકોર (૧૯) કરજ (૨૨) યાદ (૨૩) લવણ (૨૫) રસાલો (૨૭) તલ (૨૮) કદર (૨૯) કનક. **ઉભી ચાવી** : (૧) અમરેલી (૨) દામણ (૩) વાલ (૪) મહેશ (૫) ટહેલ (૮) દામ (૧૦) કમર (૧૨) નગર (૧૩) રોજ (૧૪) નટ (૧૬) રજ (૧૮) કોયલ (૧૯) કદરજ (૨૦) બદતર (૨૧) કણ (૨૪) વસન (૨૬) લોક.

# સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૪૪૦ | ૧૯૬૦ |
| ઘઉં લોકવન | ૫૫૩ | ૬૨૧ |
| ઘઉં ટુકડા | ૫૫૬ | ૬૬૧ |
| જુવાર સફેદ | ૧૩૪૫ | ૧૪૧૧ |
| જુવાર લાલ | ૧૧૮૦ | ૧૩૫૦ |
| જુવાર પીળી | ૪૩૫ | ૪૮૦ |
| બાજરી | ૩૮૦ | ૪૭૧ |
| તુવેર | ૧૧૮૦ | ૧૭૩૧ |
| ચણા પીળા | ૧૧૪૦ | ૧૨૯૦ |
| ચણા સફેદ | ૧૩૫૦ | ૧૮૯૦ |
| અડદ | ૧૪૮૦ | ૧૮૬૦ |
| મગ | ૧૨૫૦ | ૧૭૨૯ |
| ચોળી | ૯૫૦ | ૧૨૦૦ |
| વટાણા | ૬૦૦ | ૯૨૧ |
| કળથી | ૪૭૫ | ૫૬૦ |
| રાજમા | ૧૪૯૦ | ૨૦૫૧ |
| સીંગદાણા | ૧૮૭૦ | ૨૦૭૦ |
| મગફળી જાડી | ૧૨૫૦ | ૧૫૬૦ |
| મગફળી જીણી | ૧૧૭૫ | ૧૮૬૦ |
| અળશી | ૧૮૬૦ | ૧૮૬૦ |
| તલી | ૨૦૦૦ | ૨૫૨૦ |
| એરંડા | ૧૩૪૦ | ૧૪૫૩ |
| અજમો | ૧૬૦૦ | ૨૮૭૦ |
| સોયાબીન | ૧૧૪૦ | ૧૨૫૦ |
| સીંગફાડા | ૧૪૫૦ | ૧૮૬૦ |
| કાળા તલ | ૨૫૫૦ | ૩૮૭૫ |
| લસણ | ૧૧૧૦ | ૨૪૦૦ |
| ધાણા | ૨૬૧૦ | ૩૦૧૫ |
| ધાણી | ૨૭૦૦ | ૩૦૬૬ |
| વરીયાળી | ૧૮૦૦ | ૨૪૪૦ |
| જીરૂ | ૩૬૦૦ | ૪૦૭૫ |
| રાય | ૧૩૫૦ | ૧૮૮૫ |
| મેથી | ૧૦૦૦ | ૧૫૫૬ |
| ઇસબગુલ | ૧૮૦૦ | ૨૨૦૦ |
| અશેરીયો | ૯૫૦ | ૯૫૦ |
| કલોંજી | ૩૩૫૦ | ૪૧૨૨ |
| રાયડો | ૧૨૦૦ | ૧૫૦૫ |
| રજકાનું બી | ૭૫૦૦ | ૧૦૦૦૦ |
| ગુવારનું બી | ૧૧૦૦ | ૧૨૨૫ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| લીંબુ | ૧૪૪૦ | ૨૯૮૮ |
| પપૈયા | ૨૦૦ | ૪૦૦ |
| બટેટા | ૯૦ | ૨૮૯ |
| ડુંગળી સુકી | ૩૯૧ | ૮૯૧ |
| ટમેટા | ૩૧૪ | ૫૫૨ |
| સુરણ | ૬૮૯ | ૯૧૫ |
| કોથમરી | ૧૫૬ | ૨૪૨ |
| મુળા | ૨૮૨ | ૪૬૯ |
| રીંગણા | ૧૦૨ | ૨૫૪ |
| કોબીજ | ૨૧૫ | ૨૬૯ |
| ફ્લાવર | ૩૧૪ | ૫૦૨ |
| ભીંડો | ૫૫૪ | ૭૭૮ |
| ગુવાર | ૭૬૧ | ૧૨૨૨ |
| ચોળાસીંગ | ૫૪૨ | ૯૩૯ |
| વાલોળ | ૨૯૫ | ૪૮૧ |
| ટીંડોળા | ૩૬૯ | ૬૩૫ |
| દુધી | ૫૫ | ૧૨૪ |
| કારેલા | ૧૩૨ | ૨૧૪ |
| સરગવો | ૫૬૧ | ૧૧૧૨ |
| તુરીયા | ૧૮૭ | ૨૯૨ |
| પરવર | ૫૯૧ | ૭૮૪ |
| કાકડી | ૨૮૧ | ૪૨૨ |
| ગાજર | ૪૩૧ | ૫૯૫ |
| વટાણા | ૨૦૨૫ | ૨૬૩૧ |
| કંટોળા | ૧૨૩૫ | ૧૪૮૧ |
| ગલકા | ૯૧ | ૧૮૧ |
| બીટ | ૩૧૦ | ૪૯૩ |
| મેથી | ૨૧૨ | ૩૦૭ |
| વાલ | ૪૨૩ | ૬૫૯ |
| ડુંગળી લીલી | ૩૮૨ | ૫૯૧ |
| આદુ | ૧૩૩૪ | ૨૯૮૦ |
| મરચા લીલા | ૧૦૫ | ૨૧૦ |
| લસણ લીલું | ૧૭૭૧ | ૨૨૮૮ |
| મગફળી લીલી | ૬૦૫ | ૮૧૧ |
| મકાઇ લીલી | ૧૫૨ | ૩૬૨ |
| **ગોંડલ** | | |
| કપાસ | ૧૧૫૧ | ૨૦૧૧ |
| ઘઉં લોકવન | ૫૧૦ | ૬૦૪ |
| ઘઉં ટુકડા | ૫૨૦ | ૭૧૧ |
| મગફળી જીણી | ૧૧૦૦ | ૧૮૫૧ |
| સિંગદાણા જાડા | ૧૫૦૧ | ૨૦૩૧ |
| સિંગ ફાડીયા | ૧૦૦૦ | ૧૭૬૧ |
| એરંડા / એરંડી | ૧૩૦૬ | ૧૪૬૧ |
| તલ લાલ | ૨૪૧૧ | ૨૪૫૧ |
| જીરૂ | ૨૭૦૧ | ૪૧૭૧ |
| ક્લંજી | ૨૩૦૧ | ૪૨૪૧ |
| ધાણા | ૨૩૦૧ | ૩૧૭૧ |
| લસણ સુકું | ૧૦૫૧ | ૨૪૬૧ |
| ડુંગળી લાલ | ૨૦૧ | ૧૦૧૧ |
| અડદ | ૧૨૦૧ | ૧૭૯૧ |
| તુવેર | ૧૦૦૧ | ૧૭૩૧ |
| રાય | ૧૩૬૧ | ૧૭૬૧ |
| મેથી | ૯૦૦ | ૧૩૧૧ |
| કાંગ | ૪૦૦ | ૭૫૧ |
| મગફળી જાડી | ૯૦૧ | ૧૫૯૬ |
| સફેદ ચણા | ૧૨૭૧ | ૨૦૧૧ |
| મગફળી નવી | ૯૩૧ | ૧૬૨૧ |
| તલ - તલી | ૧૭૦૦ | ૨૬૦૧ |
| ધાણી | ૨૫૦૧ | ૩૦૯૧ |
| બાજરો | ૩૦૧ | ૪૨૧ |
| જુવાર | ૫૫૧ | ૫૫૧ |
| મકાઇ | ૫૫૦ | ૧૦૦૧ |
| મગ | ૭૧૧ | ૧૭૪૧ |
| ચણા | ૧૦૮૧ | ૧૩૨૬ |
| વાલ | ૮૦૧ | ૧૩૦૧ |
| ચોળા / ચોળી | ૧૦૦૧ | ૧૪૫૧ |
| સોયાબીન | ૧૦૨૧ | ૧૧૨૬ |
| કળથી | ૧૭૨૬ | ૧૭૨૬ |
| ગોગળી | ૧૦૦૦ | ૧૩૫૧ |
| વટાણા | ૫૭૧ | ૬૮૧ |
| **ગોંડલ (શાકભાજી)** | | |
| ટમેટા | ૨૦૦ | ૬૦૦ |
| મરચા | ૮૦ | ૬૦૦ |
| ગુવાર | ૨૦૦ | ૧૨૦૦ |
| કોબી | ૧૦૦ | ૪૦૦ |
| દુધી | ૪૦ | ૨૦૦ |
| ફ્લાવર | ૮૦ | ૬૦૦ |
| કાકડી | ૧૦૦ | ૮૦૦ |
| રીંગણા | ૨૦ | ૨૪૦ |
| ભીંડો | ૧૦૦ | ૬૦૦ |
| ગલકા | ૪૦ | ૨૪૦ |
| ગાજર | ૨૦૦ | ૬૦૦ |
| ટિંડોરા | ૨૦૦ | ૬૦૦ |
| વાલ | ૨૦૦ | ૬૦૦ |
| વટાણા | ૧૨૦૦ | ૧૬૦૦ |
| બટેટા | ૧૪૦ | ૨૬૦ |
| લીલી હળદર | ૧૬૦૦ | ૨૦૦૦ |
| ડુંગળી પુરા | ૫ | ૧૦ |
| તાંજરીયા પુરા | ૧ | ૪ |
| કોથમીર પુરા | ૧ | ૨ |
| મૂળા પુરા | ૩ | ૬ |
| ફોદીનો પુરા | ૨ | ૭ |
| કાચા કેળા | ૩૦૦ | ૬૦૦ |
| ચૂરણ | ૭૮૦ | ૧૦૦૦ |
| કંટોલા | ૧૪૦૦ | ૧૬૦૦ |
| પરવળ | ૪૦૦ | ૧૦૦૦ |
| ઘીસોડા | ૧૦૦ | ૩૦૦ |
| લીંબુ | ૨૦૦ | ૩૬૬૦ |
| મેથી પુરા | ૧ | ૭ |
| બીટ પુરા | ૧૫ | ૨૫ |
| સરગવો પુરા | ૨૦ | ૫૦ |
| ચોરા | ૮૦ | ૬૦૦ |
| કારેલા | ૬૦ | ૪૦૦ |
| વાલોર | ૧૦૦ | ૩૦૦ |
| મગફળી લીલી | ૬૦૦ | ૮૦૦ |
| કાચા પોપૈયા | ૮૦ | ૪૦૦ |
| આદુ | ૧૮૦ | ૧૬૦૦ |
| મકાઈ ડોડા | ૧૦૦ | ૩૦૦ |
| પાલક પુરા | ૧ | ૨ |
| **અમરેલી** | | |
| શિંગ મોટી | ૯૭૫ | ૧૪૩૦ |
| શિંગદાણા ફાડા | ૧૪૫૦ | ૨૦૫૫ |
| તલ સફેદ | ૧૬૫૦ | ૨૬૦૦ |
| તલ કાળા | ૨૨૦૦ | ૩૭૦૦ |
| તલ કાશમીરી | ૧૮૦૦ | ૨૪૬૫ |
| ઘઉં ટુકડા | ૫૧૦ | ૬૭૦ |
| ઘઉં લોકવન | ૫૫૦ | ૬૩૦ |
| ચણા | ૧૦૮૦ | ૧૨૯૫ |
| સફેદ ચણા | ૧૧૨૦ | ૧૨૭૫ |
| તુવેર | ૧૩૫૦ | ૧૫૫૦ |
| કપાસ | ૧૧૯૦ | ૨૦૦૫ |
| એરંડા | ૧૦૦૦ | ૧૪૨૫ |
| જીરૂ | ૨૦૩૦ | ૩૯૫૦ |
| રાયડો | ૧૪૧૫ | ૧૪૧૫ |
| ધાણી | ૨૮૯૦ | ૩૧૫૦ |
| સોયાબીન | ૧૦૦૦ | ૧૧૫૫ |
| કાંગ | ૮૧૦ | ૮૧૦ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૧૨૦ | ૨૫૦ |
| રીંગણા | ૧૧૦ | ૧૬૦ |
| ફ્લાવર | ૪૦૦ | ૫૦૦ |
| કોબીજ | ૨૫૦ | ૩૦૦ |
| શક્કરીયા | ૮૫૦ | ૧૨૫૦ |
| ટમેટાં | ૫૫૦ | ૬૦૦ |
| સુરણ | ૯૩૦ | ૧૦૦૦ |
| ગાજર | ૪૮૦ | ૫૯૦ |
| દુધી | ૧૬૦ | ૨૦૦ |
| કારેલા | ૧૦૦ | ૧૭૦ |
| ગલકા | ૧૬૦ | ૨૧૦ |
| મૂળા | ૧૧૦ | ૧૬૦ |
| કાકડી | ૩૦૦ | ૫૦૦ |
| ગુવાર | ૬૨૦ | ૮૩૦ |
| વાલોળ | ૨૦૦ | ૩૦૦ |
| વટાણા | ૧૮૦૦ | ૨૨૦૦ |
| ચોળા લીલા | ૨૦૦ | ૩૦૦ |
| તુરીયા | ૨૦૦ | ૩૦૦ |
| વાલ | ૫૩૦ | ૬૦૦ |
| તુવેર | ૨૦૦ | ૩૦૦ |
| ભીંડો | ૩૨૦ | ૪૩૦ |
| આદુ | ૧૩૦૦ | ૨૬૦૦ |
| કોથમીર | ૧૬૦ | ૨૦૦ |
| મેથીભાજી | ૨૦૦ | ૩૦૦ |
| ફોદીનો | ૧૦૫૦ | ૧૨૦૦ |
| ટીંડોરા | ૫૦૦ | ૬૦૦ |
| બીટ | ૪૫૦ | ૫૮૦ |
| સરગવો | ૮૦૦ | ૯૪૦ |
| લીમડો મીઠો | ૧૫૦ | ૨૦૦ |
| મરચાં લીલાં | ૨૧૦ | ૩૩૦ |
| ડુંગળી લીલી | ૩૦૦ | ૪૦૦ |
| ડુંગળી સુકી | ૮૦૦ | ૯૦૦ |
| લસણ લીલું | ૧૮૦૦ | ૨૦૦૦ |
| લસણ સુકું | ૧૫૦૦ | ૨૩૫૦ |
| પાલક | ૨૫૦ | ૩૩૦ |
| લીબુ | ૧૪૫૦ | ૨૨૫૦ |
| મકાઈ | ૨૪૦ | ૪૦૦ |
| શીંગઓળા | ૭૦૦ | ૯૦૦ |
| વાલ | ૫૩૦ | ૬૦૦ |
| કંટોલા | ૧૧૩૦ | ૧૨૫૦ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ મોટી | ૧૩૦૦ | ૧૪૩૮ |
| તલ સફેદ | ૨૨૦૦ | ૨૪૫૫ |
| તલ કાળા | ૨૮૦૦ | ૩૬૨૬ |
| જીરૂ | ૩૫૦૦ | ૩૯૫૦ |
| કપાસ | ૧૮૫૦ | ૨૦૩૧ |
| ઘઉં લોકવન | ૪૫૦ | ૫૬૦ |
| બાજરો | ૪૦૦ | ૪૫૦ |
| ચણા | ૧૧૦૦ | ૧૨૫૨ |
| મેથી | --- | ૧૨૦૦ |
| ધાણા | --- | ૨૮૦૦ |
| સોયાબીન | --- | ૧૨૩૦ |
| **ધારી** | | |
| કપાસ | ૧૮૫૦ | ૨૦૫૪ |
| ઘઉં લોકવન | ૫૪૦ | ૫૪૦ |
| ચણા | ૧૦૫૦ | ૧૦૫૦ |
| કલોંજી | ૩૫૦૦ | ૩૫૦૦ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૮૦૦ | ૧૯૯૦ |
| ઘઉ લોકવન | ૪૮૦ | ૫૪૦ |
| ઘઉ ટુકડા | ૫૦૯ | ૫૪૬ |
| ચણા | ૧૨૦૦ | ૧૨૦૦ |
| શીંગદાણા | ૧૬૧૦ | ૧૮૦૦ |
| તુવેર | ૧૦૬૦ | ૧૩૧૧ |
| તલ કાળા | ૨૦૦૦ | ૨૪૦૦ |
| મગફળી | ૧૦૦૦ | ૧૦૬૫ |
| વાલ | ૭૦૦ | ૭૦૦ |
| ચણા સોલે | ૯૫૦ | ૯૫૦ |
| **બાબરા** | | |
| કપાસ નવો | ૧૪૦૦ | ૧૯૯૦ |
| જીરૂ | ૩૪૦૦ | ૩૭૯૦ |
| ઘઉ | ૫૨૫ | ૫૫૦ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૦૦૧ | ૧૯૩૬ |
| ઘઉં | ૪૭૦ | ૫૧૬ |
| ચણા | ૮૦૧ | ૧૧૨૧ |
| અડદ | ૩૦૦ | ૩૦૦ |
| તુવેર | ૧૦૦૧ | ૧૬૧૬ |
| મગફળી | ૯૪૩ | ૧૦૫૦ |
| ધાણા | ૨૮૯૧ | ૨૮૯૧ |
| સોયાબીન | ૭૮૧ | ૧૧૨૧ |
| લસણ | ૧૦૩૧ | ૧૦૩૧ |
| તલ કાળા | ૧૦૦૧ | ૨૦૦૦ |
| તલ સફેદ | ૧૩૫૧ | ૨૪૯૬ |
| શિંગફાડા | ૧૩૫૧ | ૧૭૮૬ |
| મગ | ૧૪૯૬ | ૧૪૯૬ |
| **મહુવા** | | |
| શીંગ ટી.જે. | ૧૩૦૦ | ૧૬૦૨ |
| શીંગ મીનાક્ષી | ૧૩૫૮ | ૧૩૫૮ |
| શીંગ ૩૯ | ૬૫૧ | ૧૪૫૬ |
| જુવાર | ૪૨૮ | ૧૧૦૧ |
| બાજરી | ૩૧૦ | ૪૯૨ |
| ઘઉં ટુકડા | ૩૯૦ | ૬૩૫ |
| મગ | ૧૬૭૨ | ૧૬૭૨ |
| ચણા | ૯૨૫ | ૧૩૧૦ |
| તલ સફેદ | ૨૦૪૫ | ૨૪૯૭ |
| તલ કાળા | ૨૧૫૦ | ૩૬૨૧ |
| તુવેર | ૧૦૩૫ | ૧૦૩૫ |
| ડુંગળી લાલ | ૧૦૧ | ૯૧૮ |
| ડુંગળી સફેદ | ૨૨૫ | ૮૬૧ |
| કપાસ શંકર | ૧૭૫૦ | ૧૭૫૦ |
| નાળીયેર | ૬૨૦ | ૨૭૯૫ |
| લસણ | ૨૧૭૦ | ૨૧૭૦ |
| **કોડીનાર** | | |
| બાજરી હાઈબ્રીડ | ૪૫૦ | ૫૧૦ |
| ઘઉં | ૪૮૦ | ૬૦૯ |
| ચણા | ૧૦૨૫ | ૧૨૨૪ |
| સોયાબીન | ૧૦૦૦ | ૧૧૦૦ |
| રજકો | ૭૫૦૦ | ૯૫૦૦ |
| કાળા તલ | ૨૨૦૦ | ૩૫૨૬ |
| **જામનગર** | | |
| બાજરી | ૪૧૦ | ૪૭૫ |
| ઘઉં | ૫૦૦ | ૫૬૯ |
| મગ | ૮૦૦ | ૮૮૦ |
| ચણા | ૧૧૪૦ | ૧૨૯૩ |
| ચણા સફેદ | ૧૨૦૦ | ૧૫૮૫ |
| મગફળી જીણી | ૧૦૫૦ | ૧૨૨૫ |
| મગફળી ન્યૂ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| તલ | ૧૮૦૦ | ૩૪૩૦ |
| લસણ | ૮૦૦ | ૨૫૫૫ |
| કપાસ | ૧૮૪૦ | ૨૦૪૦ |
| જીરૂ | ૩૫૦૦ | ૪૧૦૫ |
| ડુંગળીસુકી | ૫૦૦ | ૯૦૦ |
| વટાણા | ૬૭૫ | ૭૦૦ |
| રાજમા | ૧૩૦૦ | ૧૩૭૦ |
| વટાણા | ૬૭૫ | ૭૦૦ |
| શીંગદાણા | ૧૬૦૦ | ૧૮૦૦ |
| **રાજુલા** | | |
| તલ કાળા | ૨૭૦૦ | ૨૯૦૦ |
| કપાસ | ૧૮૫૨ | ૧૯૦૩ |
| બાજરો | ૪૦૧ | ૪૯૦ |
| ઘઉં ટુકડા | ૫૩૬ | ૬૧૦ |
| જુવાર | ૬૦૦ | ૧૩૫૧ |
| મગ | ૧૫૦૦ | ૧૫૦૦ |
| ચણા | ૧૦૦૦ | ૧૨૦૧ |

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya
Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# ધારીના ખોડીયાર ડેમમાંથી પિયત માટે પાણી છોડવા ખેડૂતોની માંગ

ધારી,તા.૧૦

અમરેલી સહિત સમગ્ર પંથકમાં બે મહિનાથી વધુ સમયથી વરસાદે વિરામ લેતા ખેડૂતોની મુશ્કેલી વધી છે. લાંબા સમયથી વરસાદ ન પડતાં ખેતરોમાં ઉભો પાક સુકાઈ રહ્યો છે અને નિષ્ફળ જવાની ભીતિ સર્જાઈ છે. ધારી ખાતે આવેલ ખોડિયાર ડેમ ચાલુ સીઝનમાં સંપૂર્ણ ભરેલો હોવા છતાં ખારાપાટ વિસ્તારના ગામોના ખેડૂતોને સિંચાઈ માટે કેનાલ મારફતે પાણી આપવાની માંગ ઉઠી છે. ખેડૂતો તથા સ્થાનિક આગેવાનો દ્વારા તંત્ર સમક્ષ વારંવાર રજૂઆતો કરવામાં આવી હોવા છતાં હજુ સુધી પાણી છોડવા અંગે કોઈ સ્પષ્ટ નિર્ણય લેવાયો નથી. બે મહિનાથી વધુ સમય વીતી જતાં સિંચાઈનું પાણી ન મળતા ખેડૂતોમાં અનિશ્ચિતતા અને ચિંતા જોવા મળી રહી છે. ડેમમાં પૂરતું પાણી ઉપલબ્ધ હોવા છતાં તેનો સિંચાઈ માટે ઉપયોગ ન થતાં ખેડૂતોમાં રોષ ફેલાયો છે. તંત્ર તાત્કાલિક પાણી છોડે તેવી ખેડૂતોની માંગ ઉઠી છે.

**મંજૂરી અને ફોર્મ ભરાયા બાદ જ પાણી છોડાશે: ડેપ્યુટી એન્જિનિયર**

ખોડીયાર ડેમના ડેપ્યુટી એન્જિનિયર કણજારીયા જણાવે છે કે પિયત માટે પાણી છોડવાની દરખાસ્ત ભાવનગર સ્થિત વડી કચેરી ખાતે મોકલવામાં આવી છે. ત્યાંથી મંજૂરી મળ્યા બાદ જ આખરી નિર્ણય લેવાશે. વધુમાં, નિયમ મુજબ નિર્ધારિત વિસ્તારના ખેડૂતો દ્વારા પિયત માટેના અરજી ફોર્મ ભરવામાં આવશે તો જ પાણી છોડાશે, અન્યથા પાણી છોડવામાં આવશે નહીં.

# ગોંડલના લોકમેળામાં ફોટો ફ્રેમનો સ્ટોલ ચલાવતા યુવકની હત્યા, એક ગંભીર

ગોંડલ,તા.૧૦



ગોંડલના આઈકોનિક રોડ પર આયોજિત લોકમેળામાં ગઈકાલે મોડી રાત્રે લોહિયાળ હિંસા સર્જાઈ હતી. મેળામાં ફોટો ફ્રેમનો સ્ટોલ ધરાવતા સંચાલકો પર અજાણ્યા હુમલાખોરે અચાનક છરી વડે જીવલેણ હુમલો કરતા ભારે અફરાતફરી મચી ગઈ હતી. આ હુમલામાં મધ્યપ્રદેશના વતની રમાશંકર બર્મન (ઉં.વ. ૨૫)નું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું, જ્યારે ઉત્તર પ્રદેશના વિશાલ શર્મા (ઉં.વ. ૨૮) ગંભીર રીતે ઘાયલ થતાં તેમને વધુ સારવાર અર્થે રાજકોટ ખસેડવામાં આવ્યા છે.ઘટનાની જાણ થતાં જ ડીવાયએસપી અને પોલીસ કાફલો સ્થળ પર દોડી ગયો હતો. બી-ડિવિઝન પોલીસે જીવના જોખમે નાસી છૂટેલા આરોપીને નજીકના કોમ્પલેક્ષમાંથી પકડી પાડ્યો હતો. જાહેરમાં બનેલી આ ઘટનાથી ભારે ચકચાર જાગી છે.

# મહારાષ્ટ્રમાંથી ફરાર આરોપીને ઝડપી પાડતી કોડીનાર પોલીસ

કોડીનાર,તા.૧૦



નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ ૧૩૮ તથા ૧૪૨ હેઠળના કેસમાં છેલ્લા એક વર્ષથી નાસતા-ફરતા આરોપીને કોડીનાર પોલીસે મહારાષ્ટ્રના નંદુરબાર જિલ્લામાંથી ઝડપી પાડ્યો છે.ગીર સોમનાથ જિલ્લા પોલીસ વડાની સૂચના મુજબ કોડીનાર પોલીસે હાથ ધરેલી તપાસ દરમિયાન, કોડીનાર કોર્ટના ફોજદારી કેસના આરોપી સોનવણે ચંદ્રાસંગ હારૂ (ઉં.વ. ૪૦, રહે. શહાદા, મહારાષ્ટ્ર) પોતાના વતન વિસ્તારમાં હોવાની બાતમી મળી હતી. જેના આધારે પોલીસે દરોડો પાડીને તેની અટકાયત કરી હતી. કાયદેસરની કાર્યવાહી પૂર્ણ કર્યા બાદ આરોપીને જુનાગઢ જેલ હવાલે કરવામાં આવ્યો છે.

# ગુજરાત વિધાનસભાના ચોમાસુ સત્રના બીજા દિવસે ૩ મહત્વપૂર્ણ વિધેયકો સર્વસંમતિથી પસાર

ગાંધીનગર, તા.૧૦



ગુજરાત વિધાનસભાના ચોમાસુ સત્રના બીજા દિવસે ગૃહમાં ચર્ચા બાદ ત્રણ મહત્વપૂર્ણ વિધેયકો સર્વસંમતિથી પસાર થયા છે. પશુ આહાર વિધેયકમાં પશુ આહારની ગુણવત્તા, ઉત્પાદન અને વેચાણમાં નિયમન લાવીને પશુપાલકો અને પશુધનની સુરક્ષા સુનિશ્ચિત કરવામાં આવશે.મહેસૂલ કાયદા સુધારા વિધેયક રાજ્યની મહેસૂલ વ્યવસ્થાને વધુ સરળ, પારદર્શક અને વ્યવહારુ બનાવવાના હેતુથી સુધારા કરવામાં આવ્યા છે. GST સુધારા વિધેયક ૫૬મી GST કાઉન્સિલની ભલામણોના આધારે 'ઈઝ ઓફ ડૂઈંગ બિઝનેસ'ને પ્રોત્સાહન આપવા મોટા સુધારા મંજૂર કરાયા છે.આ સુધારાથી નાના વેપારીઓ માટે GST નોંધણી અને પ્રમાણપત્ર મેળવવાની પ્રક્રિયા વધુ ઝડપી તથા ફેસલેસ બનશે. આ ઉપરાંત, નિકાસકારોને માત્ર ૭ દિવસમાં ૯૦% રિફંડ મળશે. વેચાણ પછીના ડિસ્કાઉન્ટ, ક્રેડિટ નોટ અને રિફંડની પ્રક્રિયા પણ વધુ સરળ બનશે.

# ભ.ભા. વિદ્યાલય કોડીનાર ખાતે શિક્ષકદિનની ઉજવણી

કોડીનાર,તા.૧૦



તસવીર : ધર્મેશ પાઠક

કોડીનારની ભ.ભા. વિદ્યાલયમાં ૮ સપ્ટેમ્બરે શિક્ષકદિનની ઉજવણી ધામધૂમથી થઈ હતી. આ પ્રસંગે આચાર્ય ડી.જી. રાઠોડ અને શિક્ષકોએ વિદ્યાર્થીઓને આશીર્વાદ આપ્યા હતા. ધોરણ ૯ થી ૧૨ ના ૧૬૮ વિદ્યાર્થીઓએ શિક્ષક બની વર્ગખંડનું સંચાલન કર્યું હતું. શાળાના સ્ટાફ અને વિદ્યાર્થીઓના સહિયારા પ્રયાસોથી કાર્યક્રમ સફળ રહ્યો હતો. ભાસ્કરભાઈ પરમાર અને અન્ય શિક્ષકોના માર્ગદર્શન હેઠળ જયેશભાઈ સોલંકી અને તેમની ટીમે સમગ્ર આયોજન કર્યું હતું.

# વરસાદ ખેંચાતા ઉના-ગીરગઢડામાં મગફળી સહિતના પાક સુકાયા

ઉના, તા. ૧૦



ગીર સોમનાથ જિલ્લામાં વરસાદ ખેંચાતા ખેતી પર સંકટ ઊભું થયું છે. ખાસ કરીને ઉના અને ગીરગઢડા તાલુકામાં મગફળી સહિતના પાકને ભારે નુકસાન થયું છે. ઉના તાલુકાના રેવદ ગામના ખેડૂત અરજણભાઈ નારણભાઈ જાખોત્રાએ સોખડા ગામે ૭ વીઘામાં વાવેલા મગફળીના પાકમાં વરસાદના અભાવે ટ્રેક્ટર ફેરવી દીધું હતું. એક વીઘા પાછળ અંદાજે રૂ.૧૫થી ૨૦ હજારનો ખર્ચ થયો હોવાનું ખેડૂતો જણાવે છે. કૂવામાં પાણીનું સ્તર ઘટતાં સિંચાઈ મુશ્કેલ બની છે. અનિયમિત વીજળી પુરવઠાથી પણ ખેડૂતોની મુશ્કેલી વધી છે. મગફળી ઉપરાંત કપાસ, ડુંગળી અને સોયાબીનના પાકને પણ નુકસાનની ભીતિ છે. ખેડૂતોએ તાત્કાલિક પાક નુકસાનનો સર્વે કરાવી રાહત પેકેજ આપવા તેમજ નિયમિત ખેતીવાડી વીજળી પુરવઠો આપવાની સરકાર સમક્ષ માંગ કરી છે.

# સૌની યોજના હેઠળ શિંગોડા ડેમ ભરવા માટે આગેવાનોની રજૂઆત

કોડીનાર,તા.૧૦



કોડીનાર અને ગીર ગઢડા તાલુકામાં સિંચાઈ તથા પીવાના પાણીની સમસ્યાના ઉકેલ માટે સૌની યોજના હેઠળ શિંગોડા ડેમ ભરવા રજૂઆત કરવામાં આવી છે. સામાજિક ન્યાય અને અધિકારિતા તથા શિક્ષણ વિભાગના મંત્રી ડૉ. પ્રદ્યુમન વાજાએ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને પત્ર પાઠવી તાત્કાલિક કાર્યવાહી કરવાની માંગ કરી છે. ચાલુ વર્ષે પૂરતો વરસાદ ન પડતાં અનેક ચેકડેમ ખાલી હોવાથી ખેડૂતો મુશ્કેલીમાં મુકાયા છે. સૌની યોજના હેઠળ ધારીના ખોડીયાર ડેમ અને તાલાળાના હિરણ-૨ ડેમ સુધી પાઈપલાઈનનું આયોજન કરી ત્યાંથી જામવાળા ગામે આવેલા શિંગોડા ડેમ સુધી પાઈપલાઈન નાખવાની રજૂઆત કરાઈ છે. શિંગોડા ડેમમાં નર્મદાનું પાણી પહોંચે તો કોડીનાર અને ગીર ગઢડા તાલુકાના ખેડૂતોને સિંચાઈમાં લાભ મળશે. ઉપરાંત ગીર વિસ્તારમાં વન્યજીવો અને ગ્રામજનોને પણ પાણીની સુવિધા મળી શકે તેમ છે.

# સ્વનિર્ભર શાળાઓની સ્વતંત્રતા પર તરાપ મારતા વિધેયક સામે રાજ્ય મહામંડળનો વિરોધ


**વિધેયકમાં નિયમોના ભંગ બદલ રૂ.૧૦ લાખથી રૂ.૨૦ લાખ સુધીના દંડની જોગવાઈઓ સામે વિરોધ**

અમદાવાદ, તા.૧૦

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ (સુધારા) વિધેયક, ૨૦૨૬માં ખાનગી શાળાઓ પર બિનજરૂરી સરકારી નિયંત્રણો લાદવામાં આવ્યા છે, જેનો રાજ્યભરની ૧૭ હજાર સ્વનિર્ભર શાળાઓ સખત વિરોધ કરે છે. સ્વભંડોળથી ચાલતી આ શાળાઓના આંતરિક વહીવટ, કર્મચારીઓની નિમણૂક અને સંચાલનમાં વધતી અધિકારીક દખલગીરીથી સંચાલકોમાં ભારે રોષ પ્રવર્તી રહ્યો છે. વિધેયકમાં નિયમોના ભંગ બદલ રૂ.૧૦ લાખથી રૂ.૨૦ લાખ સુધીના દંડની જોગવાઈઓને અત્યંત કડક ગણાવવામાં આવી છે. સ્વનિર્ભર શાળા સંચાલક મહામંડળે સ્પષ્ટ ચેતવણી આપી છે કે જો સરકાર આ નિર્ણય પર ત્વરિત હકારાત્મક નિર્ણય નહીં લે, તો આગામી સમયમાં શાળાઓના કર્મચારીઓ કાળી પટ્ટી ધારણ કરી વિરોધ નોંધાવશે અને જરૂર પડ્યે આંદોલનાત્મક પગલાં ભરશે. તેમ અમરેલી જિલ્લા શાળા સંચાલક મંડળના પ્રમુખ પંકજભાઈ મહેતાએ જણાવેલ છે.

# ઉનાના સામતેર ગામે સિંહણ-બચ્ચાએ વાછરડાનું મારણ કર્યું

ઉના, તા.૧૦



તસવીર : કૈલૈશ ભટ્ટ

ઉનાના સામતેર ગામે રાત્રિના સમયે સિંહણ અને તેના બચ્ચાએ રહેણાંક વિસ્તારમાં રખડતા વાછરડાનું મારણ કરતાં ગ્રામજનોમાં ભયનો માહોલ ફેલાયો છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ સિંહણ પોતાના બચ્ચા સાથે અવારનવાર શિકારની શોધમાં ગામમાં આવી ચડે છે. અગાઉ પણ પશુઓનો શિકાર કર્યો હોવાનું જાણવા મળ્યું છે. ઘટનાની જાણ વન વિભાગને કરી પેટ્રોલિંગ વધારવા અને ગ્રામજનોને સુરક્ષા આપવા માંગ કરાઈ છે.

# ખાંભા APMC ચૂંટણીમાં ભાજપ પ્રેરિત પેનલનો ભવ્ય વિજય: ૧૦ માંથી ૮ ઉમેદવારો જીત્યા

અમરેલી,તા.૧૦


અમરેલી જિલ્લાના ખાંભા માર્કેટિંગ યાર્ડ (APMC)ની ચૂંટણીનું પરિણામ જાહેર થતાં ભાજપ પ્રેરિત પેનલે ભવ્ય વિજય મેળવી પોતાનું વર્ચસ્વ જાળવી રાખ્યું છે. ખેડૂત વિભાગની કુલ ૧૦ બેઠકોમાંથી ભાજપ પ્રેરિત પેનલના ૮ ઉમેદવારોએ જીત મેળવી મજબૂત પકડ દર્શાવી હતી. ચૂંટણી પ્રક્રિયા દરમિયાન બે ઉમેદવારો વચ્ચે ૧૬૬-૧૬૬ સરખા મત મળતા ટાઈ પડી હતી, જેના પગલે નિયમ મુજબ ચિઠ્ઠી ઉપાડીને આખરી નિર્ણય કરવામાં આવ્યો હતો. ઉલ્લેખનીય છે કે, વેપારી વિભાગની ૪ બેઠકો પર ભાજપ પ્રેરિત ઉમેદવારો અગાઉથી જ બિનહરીફ જાહેર થઈ ચૂક્યા હતા. પરિણામ જાહેર થતાં જ ભાજપના કાર્યકરો અને સમર્થકોમાં ભારે ઉત્સાહ છવાયો હતો અને વિજેતા ઉમેદવારોને અભિનંદન પાઠવી ઉજવણી કરવામાં આવી હતી.

**બે વચ્ચે ટાઈ પડતા ચિઠ્ઠીથી નિર્ણય**

# કોટડાપીઠામાં વીજ લાઈન મુદ્દે MRC કમિટી અને પરિપત્ર અસ્વીકાર્ય હોવાની ખેડૂતોની સ્પષ્ટ માંગ

કોટડાપીઠા,તા.૧૦

બાબરા તાલુકાના કોટડાપીઠા ગ્રામ પંચાયત કચેરી ખાતે ખેતરોમાંથી પસાર થતી વીજ લાઈન અને થાંભલાના પ્રશ્ને મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં બાબરા મામલતદાર, TDO, જેટકો (GETCO) કંપનીના અધિકારીઓ તેમજ PGVCLની ટીમ ઉપસ્થિત રહી હતી.બેઠક દરમિયાન વીજ લાઈન સંદર્ભે MRC કમિટીની



તસવીર : જય મહેતા

રચના અંગે ચર્ચા કરવામાં આવી હતી. પરંતુ કોટડાપીઠાના ખેડૂતોએ હાલની MRC કમિટી તેમજ તા. ૦૪/૦૭/૨૦૨૬ના સરકારી પરિપત્રનો સ્પષ્ટ અસ્વીકાર કર્યો છે. ખેડૂતોનો આરોપ છે કે આ પરિપત્રથી ખેડૂતોના હિતોનું પૂરતું રક્ષણ થતું નથી અને વાસ્તવિક નુકસાનીનો યોગ્ય ન્યાય મળતો નથી.ખેડૂતોએ સરકાર પાસે માંગ કરી છે કે ખેડૂત હિતલક્ષી નવો પરિપત્ર બહાર પાડવામાં આવે, વીજ લાઈન અને થાંભલાથી જમીન તથા પાકને થતા વાસ્તવિક નુકસાનનું પારદર્શક વળતર ચૂકવાય અને ખેડૂતોની સંમતિને પ્રાથમિકતા આપીને કાયમી ઉકેલ લાવવામાં આવે.

**CHANGE OF NAME**


I Undersign I JANI MITULBHAI PRAFULBHAI have changed my name from JANI MITUL PRAFULLCHANDRA TO JANI MITULBHAI PRAFULBHAI (New) Now i will be known as JANI MITULBHAI PRAFULBHAI (New)

Sign: JANI MITULBHAI PRAFULBHAI

Address: SHERI NO-2 RAMPARA JESINGPARA, AT-AMRELI-365601

# ગોંડલમાં RTGS કમિશન અને રકમ પરત કરવાના વિવાદમાં યુવક પર જીવલેણ હુમલો

ગોંડલ,તા.૧૦



ગોંડલના ભોજરાજપરા વિસ્તારમાં રૂ. ૧૫.૦૭ લાખના RTGS વ્યવહારના નક્કી કરેલા કમિશન અને રકમ પરત ન આપવા મામલે ઉદ્ભવેલા વિવાદે હિંસક સ્વરૂપ ધારણ કર્યું હતું. ગોંડલ-જેતપુર રોડ પર ન્યારા પેટ્રોલ પંપ પાસે ઉઘરાણી કરવા ગયેલા કમિશન એજન્ટ અભિષેક ઉર્ફે અભી ભુવા પર આરોપી અભિષેક ઉર્ફે અભી સોરઠીયા અને હરેશ સોરઠીયાએ ઉશ્કેરાઈને ઢીકાપાટુનો માર મારી ગાડીમાંથી હથિયાર વડે માથાના ભાગે જીવલેણ ઘા ઝીંક્યો હતો. બનાવ અંગે ગોંડલ સિટી બી-ડિવિઝન પોલીસે ભારતીય ન્યાય સંહિતા (BNS) ૨૦૨૩ ની કલમો હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. ઉચ્ચ પોલીસ અધિકારીઓની સૂચનાથી LCB અને ગોંડલ પોલીસે સંયુક્ત ઓપરેશન પાર પાડી, નાકાબંધી તોડી દીવ ભાગી ગયેલા બંને આરોપી કાકા-ભત્રીજાને ઝડપી લીધા હતા. પોલીસે નંબર પ્લેટ વગરની થાર ગાડી કબ્જે કરી મુખ્ય આરોપીને સાથે રાખી ઘટનાસ્થળે રી-કન્સ્ટ્રક્શન કરાવ્યું હતું. આ નાણાકીય ગેરરીતિમાં અન્ય લોકો સાથે પણ છેતરપિંડી થઈ હોવાની આશંકાએ પોલીસે સઘન તપાસ શરૂ કરી છે.

# શીતલ આઈસ્ક્રીમ પરિવાર દ્વારા નાગનાથ મહાદેવ મંદિરમાં ભવ્ય ધ્વજારોહણ સમારોહનું આયોજન

અમરેલી,તા.૧૦




અમરેલી શહેર મધ્યે આવેલા પૌરાણિક અને શ્રધ્ધાધામ સમાન ૨૦૮ વર્ષ જૂના શ્રી નાગનાથ મહાદેવ મંદિર ખાતે આવનારી તા. ૧૨/૦૯/૨૦૨૬, શનિવારના રોજ ભવ્ય ધ્વજારોહણ કાર્યક્રમ યોજાશે. શીતલ આઈસ્ક્રીમના એમ.ડી. દિનેશભાઈ દકુભાઈ ભુવાની શ્રી નાગનાથ મહાદેવ મંદિરના ટ્રસ્ટીશ્રી તરીકે નિમણૂક થવાના પાવન અવસરે આ ધાર્મિક આયોજન કરવામાં આવ્યું છે.

આ પ્રસંગે સવારે ૭:૦૦ કલાકે 'શીતલ' ડેરી રોડ, શેરી નં. ૧૪ થી શ્રી નાગનાથ મંદિર સુધી ભવ્ય શોભાયાત્રા નીકળશે. ત્યારબાદ સવારે ૮:૩૦ કલાકે શિવ મંદિરના શિખર પર વિધિવત્ ધ્વજારોહણ સંપન્ન થશે. ધ્વજારોહણ બાદ ઉપસ્થિત તમામ ભક્તો માટે 'અલ્પાહાર પ્રસાદ'ની વ્યવસ્થા રાખવામાં આવી છે. નવનિયુક્ત ટ્રસ્ટી મંડળ અને નિમંત્રક પરિવારો દ્વારા આ ધાર્મિક પ્રસંગમાં સહપરિવાર ઉપસ્થિત રહી દર્શનનો લાભ લેવા ભાવિકોને હાર્દિક નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# શી જિનપિંગની ભારત મુલાકાતની પુષ્ટિ, પાક. સરહદ પર બંકરોની કામગીરી તેજ

નવી દિલ્હી, તા.૧૦




ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ ૧૨ અને ૧૩ સપ્ટેમ્બરે નવી દિલ્હીમાં યોજાનારી ૧૮મી બ્રિક્સ સમિટમાં હાજરી આપશે તેવી ચીનના વિદેશ મંત્રાલયે પુષ્ટિ કરી છે. આ દરમિયાન પાકિસ્તાન સરહદે નાગરિકોની સુરક્ષા માટે બંકરોના નિર્માણ સહિતની તૈયારીઓ પણ તેજ બની છે. જમ્મુ-કાશ્મીર વિધાનસભામાં વિપક્ષના નેતા સુનિલ શર્માએ આરોપ લગાવ્યો કે કેન્દ્રની મંજૂરી છતાં ઓમર અબ્દુલ્લા સરકાર વ્યક્તિગત બંકરોના નિર્માણમાં નિષ્ફળ રહી છે. તેમણે જણાવ્યું કે ઓપરેશન સિંદૂર બાદ સરહદી વિસ્તારોના લોકોએ બંકરો, વળતર અને નોકરીની માંગ કરી હતી. કેન્દ્ર સરકારે શરૂઆતમાં જમ્મુ, કઠુઆ, સાંબા, પૂંછ અને રાજૌરીમાં ૧૪,૪૬૦ બંકરોને મંજૂરી આપી હતી. તેમાં ૧૩,૦૨૯ વ્યક્તિગત અને ૧,૪૩૧ સામુદાયિક બંકરોનો સમાવેશ થાય છે. કુલ રૂ. ૪૧૫.૭૩ કરોડના ખર્ચે આ બંકરો બનાવાઈ રહ્યા છે. વ્યક્તિગત બંકરમાં આઠ અને સામુદાયિક બંકરમાં ૪૦ લોકોની ક્ષમતા રાખવામાં આવી છે. સરહદી વિસ્તારોમાં આ બંકરોને અનૌપચારિક રીતે 'મોદી બંકર' તરીકે ઓળખવામાં આવે છે.

# સાલબોની જમીન કૌભાંડ: અભિષેક બેનર્જીના PA સુમિત રોયની ધરપકડ

કોલકત્તા,તા.૧૦



ટીએમસી સાંસદ અભિષેક બેનર્જીના પીએ સુમિત રોયને સાલબોની જમીન કૌભાંડ કેસમાં સુપ્રીમ કોર્ટ તરફથી મોટો ઝટકો લાગ્યો છે. સુપ્રીમ કોર્ટે તેમની આગોતરા જામીન અરજી ફગાવી દીધા બાદ, સીઆઈડી અને એસટીએફની ટીમે કાલીઘાટ ખાતેથી તેમની ધરપકડ કરી હતી.

સરકારી જમીનના નકલી દસ્તાવેજો બનાવી વેચવાના આ કેસમાં સુમિત રોયના બેંક ખાતામાંથી રૂ. ૧૫ કરોડના શંકાસ્પદ વ્યવહારો મળી આવ્યા છે. તપાસમાં અસહકાર દર્શાવવા બદલ કસ્ટોડિયલ પૂછપરછ માટે તેમની ધરપકડ કરવામાં આવી છે.

# બગસરાના જેતપુર રોડ પર દબાણ હટાવ ઝુંબેશ, ટાઉન હોલ માટે ત્રણ વીઘા જમીન ખુલ્લી કરાઈ

બગસરા, તા.૧૦



બગસરા-જેતપુર રોડ પર સરકારી જમીન પર લાંબા સમયથી થયેલા ગેરકાયદેસર દબાણો સામે બગસરા મામલતદાર તથા નગરપાલિકા ઓફિસર એ.એચ. કાતરીયાની આગેવાની હેઠળ દબાણ હટાવ ઝુંબેશ હાથ ધરાઈ હતી. નગરપાલિકાની ટીમે જેસીબીની મદદથી માર્ગની આસપાસ આવેલા કાચા-પાકા બાંધકામો અને અન્ય દબાણો દૂર કરી આશરે ત્રણ વીઘા સરકારી જમીન ખુલ્લી કરાવી હતી. આ જમીન રાજ્ય સરકાર દ્વારા બગસરા શહેર માટે મંજૂર કરાયેલા આધુનિક ટાઉન હોલના નિર્માણ માટે ફાળવવામાં આવી છે. દબાણોના કારણે ટાઉન હોલનું કામ અટવાયેલું હતું. હવે જમીન ખુલ્લી થતાં પ્રોજેક્ટની કામગીરીને વેગ મળવાની શક્યતા છે. દબાણ હટાવ કામગીરી દરમિયાન કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવાયો હતો. નગરપાલિકાના ચીફ ઓફિસર, પદાધિકારીઓ અને કર્મચારીઓની હાજરીમાં શાંતિપૂર્ણ રીતે કામગીરી પૂર્ણ કરવામાં આવી હતી.

# સિંગાપોર કૌભાંડ કેસ: ૨૦૧૩થી ફરાર આરોપી હરનેક સિંહને અમેરિકાથી ભારત લવાયો

નવી દિલ્હી,તા.૧૦

સીબીઆઈ (CBI)ને મોટી સફળતા સાંપડી છે. સિંગાપોર કૌભાંડ કેસમાં ૨૦૧૩થી ફરાર આરોપી હરનેક સિંહને અમેરિકાથી ડિપોઝિટ (દેશનિકાલ) કરી ભારત પરત લાવવામાં આવ્યો છે. નવી દિલ્હીના ઈન્દિરા ગાંધી આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર ઉતરતા જ સીબીઆઈ અધિકારીઓએ તેની ધરપકડ કરી હતી. વર્ષ ૨૦૧૩માં ભારતમાં બેસી સાયબર ઠગો સિંગાપોરમાં રહેતા ભારતીયોને ઈમિગ્રેશન અધિકારી બની ફોન કરતા અને કાનૂની કાર્યવાહીની ધમકી આપી પૈસા પડાવતા હતા. આ છેતરપિંડીના નાણાં હરનેક સિંહના મની ટ્રાન્સફર આઉટલેટ દ્વારા મેળવવામાં આવતા હતા. ઘટના બાદ આરોપી ગેરકાયદેસર રીતે અમેરિકા ભાગી ગયો હતો. સીબીઆઈએ ઈન્ટરપોલ રેડ નોટિસ અને લુકઆઉટ સર્ક્યુલર જારી કરીને આખરે તેને ભારત લાવી પંચકુલા કોર્ટમાં રજૂ કરવાની પ્રક્રિયા હાથ ધરી છે.

# વિધાનસભામાં 'વંદે માતરમ્' મુદ્દે હોબાળો, ઈમરાન ખેડાવાલા સામે કાર્યવાહીની માંગ

ગાંધીનગર, તા.૧૦



ગુજરાત વિધાનસભામાં 'વંદે માતરમ્' ગાન દરમિયાન કોંગ્રેસના ધારાસભ્ય ઈમરાન ખેડાવાલાના કથિત વર્તનને લઈને હોબાળો થયો હતો. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ પોઈન્ટ ઓફ ઓર્ડર ઉઠાવી ખેડાવાલા સામે ગૃહના નિયમો મુજબ કાર્યવાહી કરવાની માંગ કરી હતી. સંઘવીએ આક્ષેપ કર્યો કે 'વંદે માતરમ્' દરમિયાન ખેડાવાલા ઊભા રહ્યા નહોતા અને આ વર્તન રાષ્ટ્રીય ભાવનાના અનાદર સમાન છે. તેમણે સમગ્ર ઘટનાના વીડિયો રેકોર્ડિંગની ઝીણવટભરી તપાસ કરવાની પણ માગ કરી હતી. સાથે જ મામલો વિશેષાધિકાર ભંગ સાથે સંકળાયેલો હોવાનું જણાવી પ્રિવિલેજ કમિટી અથવા એથિક્સ કમિટીને સોંપવાની રજૂઆત કરી હતી. સંઘવીએ આક્ષેપ કર્યો કે ખેડાવાલા માત્ર 'મહોરું' હતા અને સમગ્ર ઘટનાનું રાજકીય આયોજન કરવામાં આવ્યું હતું. જોકે, આ અંગે ખેડાવાલાનું સત્તાવાર સ્પષ્ટીકરણ પણ મહત્વનું રહેશે. હવે વિધાનસભા અધ્યક્ષ સમગ્ર મામલે શું નિર્ણય લે છે તેના પર સૌની નજર છે.

# ગોપાલ ઈટાલિયાએ પોલીસ બંદોબસ્તથી રત્નકલાકારોની સહાય સુધીના મુદ્દે સરકારને ઘેરી

ગાંધીનગર, તા.૧૦



ગુજરાત વિધાનસભાના ચોમાસુ સત્રના બીજા દિવસે આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાએ પોલીસ બંદોબસ્ત, પાટીદાર અનામત આંદોલન અને હીરા ઉદ્યોગની મંદી સહિતના મુદ્દે સરકારને ઘેરી હતી. પોલીસ બંદોબસ્ત અંગે ઈટાલિયાએ આક્ષેપ કર્યો કે રાજ્યમાં પૈસા ચૂકવીને પોલીસ બંદોબસ્ત મેળવી શકાય છે. તેમણે 'ઓન પેમેન્ટ' પોલીસ બંદોબસ્તની ફાળવણી સામે સરકાર પાસે સ્પષ્ટતા માંગી હતી. પાટીદાર અનામત આંદોલન દરમિયાન થયેલી હિંસા અંગે તેમણે જસ્ટિસ પુંજ કમિશનના અહેવાલ અને તેના આધારે થયેલી કાર્યવાહી અંગે પણ સવાલો ઉઠાવ્યા હતા. સરકારે જણાવ્યું કે કમિશને ૮ જુલાઈ ૨૦૨૦ના રોજ અહેવાલ સોંપ્યો હતો, પરંતુ ત્યારબાદ કોઈ કાર્યવાહી થઈ નથી. હીરા ઉદ્યોગની મંદીને પગલે રત્નકલાકારોને અપાતી સહાય અંગે ઈટાલિયાએ આંકડા માંગ્યા હતા. સુરતમાં ૭૨ હજાર અરજીઓ સામે ૪૭ હજારને સહાય મળી હતી.

# શિમલા જિલ્લા પરિષદમાં ૨૫ વર્ષ બાદ ભાજપનો કબજો


શિમલા, તા.૧૦




કોંગ્રેસના ગઢ ગણાતા શિમલામાં ભાજપે લગભગ ૨૫ વર્ષ બાદ જિલ્લા પરિષદના પ્રમુખ અને ઉપપ્રમુખ પદ કબજે કર્યા છે. ચૂંટણીમાં ભાજપ સમર્થિત ભૂપેન્દ્ર સિંહ સિસોદિયા પ્રમુખ અને અપક્ષ ભરત સિંહ કલાંતા ઉપપ્રમુખ તરીકે ચૂંટાયા હતા. સિસોદિયાને ૧૩ અને કોંગ્રેસના સુરેન્દ્ર રેટકાને ૧૦ મત મળ્યા હતા. કલાંતાને ૧૪ અને કોંગ્રેસના મીનાક્ષીને ૧૦ મત મળ્યા હતા. ભાજપે આ જીતને સુખવિંદર સિંહ સુખુ સરકાર સામેનો જનાદેશ ગણાવ્યો છે. ભાજપ સાંસદ હર્ષ મહાજને તેને ૨૦૨૭ની ચૂંટણીની શરૂઆત ગણાવી હતી. નવનિયુક્ત પ્રમુખ-ઉપપ્રમુખે જાહેર સમસ્યાઓ ઉકેલવાની અને જનહિતના મુદ્દા સરકાર સમક્ષ ઉઠાવવાની ખાતરી આપી હતી.

# અમદાવાદમાં એએમટીએસ બસનાં ડ્રાઈવરની ઊંઘ કે ફોન પર એઆઈની નજર રહેશે


અમદાવાદ, તા.૧૦




એએમટીએસ દ્વારા અકસ્માતો ઘટાડવા અને મુસાફરોની સુરક્ષા માટે બસોમાં એઆઈ આધારિત ડેશ કેમેરા લગાવાયા છે. ડ્રાઈવિંગ દરમિયાન મોબાઈલનો ઉપયોગ, ઊંઘનું ઝોંકું કે થાક જણાય તો સિસ્ટમ તાત્કાલિક કંટ્રોલ રૂમને એલર્ટ કરશે. કંટ્રોલ રૂમથી ડ્રાઈવરનો સંપર્ક કરી તેને સાવચેત કરવામાં આવશે. વધુ થાક જણાય તો અન્ય ડ્રાઈવરની વ્યવસ્થા પણ કરવામાં આવશે. હાલ પાયલોટ પ્રોજેક્ટ અંતર્ગત ત્રણ બસોમાં કેમેરા લગાવવામાં આવ્યા છે અને રિયલ-ટાઈમ દેખરેખ રાખવામાં આવી રહી છે.

# ગુજરાત વિધાનસભા સહિત અમદાવાદની ત્રણ શાળાઓ અને ગાંધીનગર કોર્ટને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી

અમદાવાદ, તા.૧૦




અમદાવાદની ત્રણ શાળાઓ, ગાંધીનગરની જિલ્લા અને સેશન્સ કોર્ટ તથા ગુજરાત વિધાનસભાને બોમ્બથી ઉડાવી દેવાની ધમકીભર્યા ઈ-મેઈલ મળતાં સુરક્ષા એજન્સીઓ દોડતી થઈ હતી. બોપલની ડીપીએસ, થલતેજની ઉદગમ અને વેજલપુરની ઝાયડસ સ્કૂલમાં બોમ્બ સ્કવોડ તથા ફાયર બ્રિગેડે તપાસ હાથ ધરી હતી. ઝાયડસ સ્કૂલ પરિસર ખાલી કરાવી બાળકોને સુરક્ષિત રીતે ઘરે મોકલાયા હતા. વાલીઓમાં પણ ચિંતા ફેલાઈ હતી. ગાંધીનગર કોર્ટ સંકુલ પણ સાવચેતીના ભાગરૂપે ખાલી કરાવી તપાસ હાથ ધરાઈ હતી. ડીઈઓએ તમામ શાળાઓને શંકાસ્પદ ઈ-મેઈલ અંગે તાત્કાલિક પોલીસને જાણ કરવા સૂચના આપી હતી. સમગ્ર મામલે સુરક્ષા એજન્સીઓ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી રહી છે.

# ભારત પાસે ૧૯૦ પરમાણુ શસ્ત્રો હોવાનો અંદાજ, ભવિષ્યમાં સંખ્યા વધવાની શક્યતા

વોશિંગ્ટન, તા.૧૦



ફેડરેશન ઓફ અમેરિકન સાયન્ટિસ્ટ્સના નવા અહેવાલમાં ભારત પાસે આશરે ૧૯૦ પરમાણુ શસ્ત્રો હોવાનો અંદાજ વ્યક્ત કરવામાં આવ્યો છે. અહેવાલ ખુલ્લા સ્રોતો, સરકારી માહિતી અને વ્યાપારી ઉપગ્રહ તસવીરોના વિશ્લેષણ પર આધારિત છે. તેમાં નવી મિસાઈલ પ્રણાલીઓ માટે આશરે ૩૦ વધારાના પરમાણુ શસ્ત્રો હોવાનો પણ ઉલ્લેખ કરાયો છે. FAS અનુસાર, ભારત પાસે હાલમાં નવ પરમાણુ સક્ષમ પ્રણાલીઓ કાર્યરત છે, જેમાં બે વિમાન, છ જમીન આધારિત બેલિસ્ટિક મિસાઈલ અને એક સમુદ્ર આધારિત બેલિસ્ટિક મિસાઈલનો સમાવેશ થાય છે. ઓછામાં ઓછી બે નવી પ્રણાલીઓ પણ પૂર્ણતાના તબક્કામાં છે. અહેવાલ મુજબ ભારત પરમાણુ શસ્ત્રાગારનું આધુનિકીકરણ કરી રહ્યું છે અને અનેક નવી પ્રણાલીઓ વિકસાવી રહ્યું છે. ભારતે પરમાણુ શસ્ત્રો માટે પૂરતું લશ્કરી પ્લુટોનિયમ પણ ઉત્પન્ન કર્યું હોવાનો અંદાજ છે. જોકે, ભારતે 'પહેલા ઉપયોગ નહીં'ની નીતિ સાથે વિશ્વસનીય લઘુત્તમ પરમાણુ પ્રતિરોધ જાળવવાની પ્રતિતા વ્યક્ત કરી છે.

# પરિવર્તન સહકારથી આવશે, સંઘર્ષથી નહીં : ફ્રાન્સમાં પીએમ મોદીનું સંબોધન

નવી દિલ્હી, તા.૧૦



ફ્રાન્સના પેરિસમાં યોજાયેલી આંતરરાષ્ટ્રીય અવકાશ સમિટને વીડિયો કોન્ફરન્સિંગથી સંબોધતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે અવકાશની અમર્યાદિત શક્યતાઓનું રક્ષણ કરવું સમગ્ર માનવજાતની સામૂહિક જવાબદારી છે. તેમણે વિશ્વને સંઘર્ષને બદલે સહકાર, ટૂંકા ગાળાના લાભને બદલે ટકાઉ વિકાસ અને બાકાત રાખવાને બદલે સમાવેશની નીતિ અપનાવવાની અપીલ કરી હતી. પીએમ મોદીએ કહ્યું કે ભારતનું અવકાશ વિઝન 'વસુધૈવ કુટુંબકમ'ની ભાવના પર આધારિત છે. ભારત સલામત, શાંતિપૂર્ણ અને ટકાઉ અવકાશ વ્યવસ્થાને સમર્થન આપે છે. તેમણે ઈસરોની સિદ્ધિઓનો ઉલ્લેખ કરતાં જણાવ્યું કે ભારતના રોકેટથી ૩૪ દેશોના ૪૩૦થી વધુ ઉપગ્રહો અવકાશમાં મોકલાયા છે. ચંદ્રયાન-૩ અને આદિત્ય એલ-૧ની સફળતા બાદ ભારતે ૨૦૩૫ સુધી પોતાનું અવકાશ મથક સ્થાપવાનું તથા ૨૦૪૦ સુધી ભારતીયને ચંદ્ર પર મોકલવાનું લક્ષ્ય નક્કી કર્યું છે. તેમણે ફ્રાન્સ સહિત વિશ્વના દેશોને ભારતની આગામી અવકાશ યાત્રામાં ભાગીદાર બનવા આમંત્રણ આપ્યું હતું.

**ખાનગી મટીરિયલ્સ ટેસ્ટિંગ લેબ રીપોર્ટ બદલવા લાંચની માંગ કરાઈ હતી**

# અમરેલીમાં ગેરી (GERI) ના સંશોધન અધિકારી અને સિનિયર આસિસ્ટન્ટ ૨૧ હજારની લાંચ લેતા ઝડપાયા

**સરકારી સર્કિટ હાઉસના રૂમ નંબર-૧૧ ખાતે લાંચનું છટકું ગોઠવ્યું**

અમરેલી,તા.૧૦

અમરેલી શહેરમાં ગુજરાત એન્જિનિયરિંગ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ (GERI)ના બે અધિકારીઓ વિરુધ્ધ એન્ટિ કરપ્શન બ્યુરો (ACB) દ્વારા કડક અને સફળ કાર્યવાહી કરવામાં આવી છે. મટીરિયલ્સ ટેસ્ટિંગ લેબના નિરીક્ષણ બાદ સાનુકૂળ (પોઝિટિવ) રિપોર્ટ આપવાના બહાને ૨૧,૦૦૦ રૂપિયાની લાંચ સ્વીકારતા બંને વર્ગ-૧ અને વર્ગ-૩ ના અધિકારીઓ રંગેહાથ પકડાઈ ગયા છે.

મળતી માહિતી મુજબ, વડોદરા સ્થિત ગેરી (GERI) કચેરીના સંશોધન અધિકારી (વર્ગ-૧) આણંદભાઈ નરેન્દ્રભાઈ ખરેડિયા અને સિનિયર સાયન્ટિફિક આસિસ્ટન્ટ (વર્ગ-૩) જીગરભાઈ કલસિંગભાઈ ભુટીયાએ અમરેલી ખાતે આવેલી એક ખાનગી મટીરિયલ્સ ટેસ્ટિંગ લેબની





સરપ્રાઈઝ મુલાકાત લીધી હતી. આ વિઝિટ બાદ લેબનો પોઝિટિવ રિપોર્ટ તૈયાર કરવા માટે તેઓએ ફરિયાદી પાસે રૂ. ૨૧,૦૦૦ ની લાંચની માંગણી કરી હતી.


લાંચ આપવા ન માંગતા જાગૃત નાગરિકે તાત્કાલિક અમરેલી એસીબી કચેરીનો સંપર્ક કરી સમગ્ર મામલે લિખિત ફરિયાદ નોંધાવી હતી. એસીબી ટીમે ૧૦ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ ચિતલ રોડ પર આવેલા સરકારી સર્કિટ હાઉસના રૂમ નંબર-૧૧ ખાતે લાંચનું છટકું ગોઠવ્યું હતું. ટ્રેપ દરમિયાન આરોપી નં. ૧ ના કહેવાથી આરોપી નં. ૨ એ ફરિયાદી પાસેથી આક્ષેપિત લાંચની રકમ સ્વીકારી હતી, જેમાં સંશોધન અધિકારીના રૂ. ૧૫,૦૦૦ અને સિનિયર આસિસ્ટન્ટના રૂ. ૬,૦૦૦ નો સમાવેશ થાય છે.

એસીબી ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેક્ટર ટી.એસ. રિઝવી તેમજ અમરેલી અને ભાવનગર એસીબી સ્ટાફે ઘટનાસ્થળેથી જ ૨૧,૦૦૦ રૂપિયાની સમગ્ર રકમ રિકવર કરી બંને અધિકારીઓની અટકાયત કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## અમદાવાદમાં ઈન્સ્ટાગ્રામ પર પ્રેમજાળ પાથરી યુવતીનું શોષણ કરનાર સામે ગુનો નોંધાયો

અમદાવાદ,તા.૧૦

અમદાવાદના ચાંદખેડાની ૨૮ વર્ષીય યુવતી સાથે ઈન્સ્ટાગ્રામ મારફતે સંપર્ક કરી લગ્નની ખોટી લાલચ આપી પાંચ વર્ષ સુધી શારીરિક સંબંધો બાંધનાર નિમેષ પરમાર વિરુધ્ધ પશ્ચિમ મહિલા પોલીસ સ્ટેશનમાં ગંભીર ગુનો નોંધાયો છે. આરોપી અવારનવાર યુવતીના ઘરે આવતો અને મુંબઈ પ્રવાસ દરમિયાન તેણે લગ્નની ખાતરી આપી સંબંધ બાંધ્યા હતા.દરમિયાન યુવતીને પ્રેમીના



મોબાઈલમાંથી અન્ય યુવતીઓ સાથેનું ચેટિંગ મળી આવતાં, તે એકસાથે અન્ય બે યુવતીઓને પણ જાળમાં ફસાવતો હોવાનો ખુલાસો થયો હતો. આખરે નિમેષે અન્ય યુવતી સાથે લગ્ન કરી છેતરપિંડી આચરતાં પીડિતાએ કાયદેસરની પોલીસ ફરિયાદ નોંધાવી છે.

## અમરેલી જિલ્લામાં લાંબા વિરામ બાદ વરસાદના આગમનથી ખેડૂતોમાં આનંદ

**જિલ્લામાં મુર્જતા મોલને મળ્યુ જીવતદાન**

અમરેલી,તા.૧૦

સાવરકુંડલા અને લીલીયા, ખાંભા, ધારી તાલુકામાં લાંબા સમયના વિરામ બાદ વાતાવરણમાં પલટો જોવા મળ્યો છે. સાવરકુંડલામાં વરસાદ થંભ્યા બાદ મેઘધનુષ્ય



ખીલી ઊઠતાં સ્થાનિકો અને રાહદારીઓ મંત્રમુગ્ધ બન્યા હતા. બીજી તરફ, લીલીયા, અંટાળીયા, શેઢાવદર, હાથીગઢ સહિતના ગ્રામ્ય વિસ્તારોમાં અસહ્ય ગરમી બાદ સાંજના સમયે અડધો ઈંચ જેટલો વરસાદ નોંધાયો હતો. આ ઉપરાંત વીરપુર, ઈંગોરાળા, વાંકુનીધાર અને મોટા સમઢીયાળા ખાતે અનરાધાર ૧.૫ થી ૨ ઈંચ વરસાદ ખાબકતાં નદી-નાળામાં પૂર આવ્યા હતા. લાંબા વિરામ બાદ પડેલા આ વરસાદથી સુકાતા કૃષિ પાકને નવજીવન મળતાં જગતના તાતમાં આનંદની લહેર છવાઈ ગઈ છે.

## સુરતમાં ગણેશ મૂર્તિઓ માટે વન ટોન કલર અને ઈકો-ફ્રેન્ડલીનો નવો ક્રેઝ

સુરત,તા.૧૦

સુરતમાં ગણેશોત્સવ નજીક આવતા જ ગણેશજીની મૂર્તિઓના બજારમાં નવો ટ્રેન્ડ જોવા મળી રહ્યો છે. આ વર્ષે પરંપરાગત મૂર્તિઓના સ્થાને લાલ, જાંબલી, ગુલાબી અને કાળા જેવા અનોખા વન ટોન શેડ્સ ધરાવતી મૂર્તિઓનો ક્રેઝ વધ્યો છે. પર્યાવરણ પ્રત્યેની જાગૃતિને કારણે કાગળના માવા અને શુધ્ધ માટીમાંથી બનેલી ઈકો-ફ્રેન્ડલી મૂર્તિઓની માંગ



વધી છે. એક ફિનિશિંગવાળી મૂર્તિ તૈયાર કરવામાં ૨૦ થી ૩૦ દિવસનો સમય લાગે છે. બજારમાં આ મૂર્તિઓ રૂ. ૮૦૦ થી શરૂ થઈને રૂ. ૧ લાખ સુધીની કિંમતમાં ઉપલબ્ધ છે.

## બોટાદમાં મોબાઈલ ચોરીની શંકાએ લોહિયાળ ખેલ, સોડા પીવાના બહાને બોલાવી યુવકની હત્યા

બોટાદ,તા.૧૦

બોટાદ શહેરમાં તાજપર સર્કલ નજીક પંચપીરની દરગાહ પાસે આવેલા એક ગેરેજમાં મોબાઈલ ચોરીની શંકા અને અદાવતમાં સાથી કારીગરે યુવકની છરીના ઘા ઝીંકી હત્યા કરી દેતાં ચકચાર મચી ગઈ છે.



મળતી માહિતી મુજબ, ગુરપ્રીતસિંગ ઉર્ફે ગોગી નામના કારીગરે અન્ય કારીગરનો મોબાઈલ છુપાવી ચરણસિંગના થેલામાં મૂકી દીધો હતો. આ અંગે ચરણસિંગે સત્ય જણાવી દેતાં બંને વચ્ચે તકરાર થઈ હતી. ગેરેજ માલિકે સમાધાન કરાવ્યું હોવા છતાં ગુરપ્રીતસિંગે મનમાં ખાર રાખ્યો હતો. ગઈકાલે સાંજે ગુરપ્રીતસિંગે ચરણસિંગને સોડા પીવાના બહાને બોલાવી છાતી તથા પીઠના ભાગે છરીના ઘા મારી દીધા હતા. ગંભીર રીતે ઘવાયેલા ચરણસિંગનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. ઘટના બાદ ગેરેજ માલિકે આરોપીને રૂમમાં પૂરી પોલીસને હવાલે કર્યો હતો. પોલીસે BNS ની કલમ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## જખૌમાં બહેન વિશે અભદ્ર ટિપ્પણી કરવા મામલે બોલાચાલી થતાં મિત્રે જ મિત્રની હત્યા કરી

કચ્છ,તા.૧૦

કચ્છના જખૌ વિસ્તારમાંથી ૫ સપ્ટેમ્બરે મળી આવેલી અજાણી લાશનો ભેદ ઉકેલી જખૌ પોલીસે હત્યાનો ગુનો દાખલ કર્યો છે. શરૂઆતમાં અકસ્માત મોતનો મામલો જણાતો હતો, પરંતુ મૃતકના માથા પરની ગંભીર ઈજાઓ અને કમરે દોરી બાંધેલી હોવાથી સીસીટીવી તપાસ હાથ ધરાઈ હતી. તપાસ દરમિયાન



મૃતકની ઓળખ દેવભૂમિ દ્વારકાના માછીમાર ઓસમાણ ઉમર તરીકે થઈ હતી.

પોલીસ તપાસમાં સામે આવ્યું કે, મૃતક અને તેનો બાળપણનો મિત્ર હાજી જુમાં સિદી બંને માછીમારી કરતા હતા. ચાની કેબિન પર મૃતકે આરોપીની બહેન વિશે અભદ્ર શબ્દો બોલતાં બંને વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. જે બાદ હાજી જુમાએ આવેશમાં આવી પથ્થરના ઘા મારી ઓસમાણની હત્યા કરી દીધી હતી. પોલીસે આરોપીની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## અમદાવાદ એક્સપ્રેસ-વે ટોલ પ્લાઝા નજીક બસમાંથી રૂ. ૨૫ લાખનું MD ડ્રગ્સ ઝડપાયું

અમદાવાદ,તા.૧૦

અમદાવાદના રામોલ વિસ્તારમાં વડોદરા-અમદાવાદ એક્સપ્રેસ-વે ટોલ પ્લાઝા નજીક લક્ઝરી બસમાંથી ૨૫.૩૬ લાખ રૂપિયાની કિંમતના ૮૪૩ ગ્રામ MD ડ્રગ્સ સાથે ઈન્દોરના રિઝવાન મન્સૂરી નામના ૨૪ વર્ષીય યુવકની રામોલ પોલીસે ધરપકડ કરી છે. આ ડ્રગ્સનો જથ્થો ઈન્દોરના શાનૂ પઠાણે મોકલ્યો હતો અને અમદાવાદના રિયાઝઅલી નામના શખ્સને ડિલિવરી કરવાનો હતો, જે પેટે આરોપીને રૂ. ૬,૦૦૦ કમિશન મળવાનું હતું. પોલીસ ટ્રેકિંગથી બચવા



આરોપીઓ એન્ક્રિપ્ટેડ મેસેજિંગ એપ્લિકેશનનો ઉપયોગ કરતા હતા. પોલીસે ત્રણેય સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં દર્દીઓને હવે વોટ્સએપ પર મળશે ટેસ્ટ રિપોર્ટ

અમદાવાદ,તા.૧૦

અમદાવાદની સિવિલ હોસ્પિટલ દ્વારા દર્દીઓની સુવિધા માટે એક મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. હોસ્પિટલમાં હવે બ્લડ ટેસ્ટ સહિતના વિવિધ લેબોરેટરી રિપોર્ટ દર્દીના રજિસ્ટર્ડ મોબાઈલ નંબર પર વોટ્સએપ મારફતે મોકલી દેવામાં આવશે. આ સુવિધાના કારણે દર્દીઓને રિપોર્ટ લેવા માટે હોસ્પિટલના ધક્કા ખાવામાંથી મુક્તિ મળશે અને ઘરે બેઠા જ રિપોર્ટ મળી જશે.આ ઉપરાંત, હોસ્પિટલમાં રૂમ નંબર ૭૫ ખાતે નવી ઓપીડી (OPD) શરૂ કરવામાં આવી છે. દર્દીઓની સુગમતા માટે બિલિંગ કાઉન્ટરની સંખ્યા ૧ થી વધારીને ૨ કરવામાં આવી છે અને ઓનલાઈન પેમેન્ટની સુવિધા પણ શરૂ કરાઈ છે. આ સુધારાઓથી હોસ્પિટલમાં આવતા હજારો દર્દીઓ અને તેમના પરિજનોને મોટી રાહત મળશે.

## ચોટીલા હાઈવે પરથી ૩૧ હજારથી વધુ બોટલ સાથે રૂ. ૧.૨૬ કરોડનો દારૂનો જથ્થો ઝડપાયો

સુરેન્દ્રનગર,તા.૧૦

સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા નજીક અમદાવાદ-રાજકોટ હાઈવે પરથી લોકલ ક્રાઈમ બ્રાન્ચે બાતમીના આધારે મસમોટો દારૂનો જથ્થો ઝડપી પાડ્યો છે. રાસ્કા બોડિયા ગામના પુલ પાસે પેટ્રોલિંગ દરમિયાન પોલીસે એક શંકાસ્પદ ટ્રકને રોકી તપાસ કરતાં તેમાંથી રૂ. ૧ કરોડથી વધુની કિંમતની ૩૧,૪૫૨ દારૂની બોટલો મળી આવી હતી. પોલીસે ટ્રક સહિત કુલ રૂ. ૧.૨૬ કરોડનો મુદ્દામાલ જપ્ત કરી રાજસ્થાનના ડ્રાઈવર જુન્જારામ ગોદારાની



ધરપકડ કરી છે. પૂછપરછમાં આ દારૂનો જથ્થો રાજસ્થાનથી ઘૂસાડવામાં આવ્યો હોવાનું અને નાસિકના રમેશકુમાર નામના શખ્સે મોકલ્યો હોવાનું સામે આવ્યું છે. પોલીસે ડ્રાઈવર સહિત ત્રણ શખ્સો સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.





